*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૫, માર્ચ [૪૨૫] વર્ષ ૩૫ : અંક ૧૬

**પ્રભુપણે અમે પ્રભુતાને પ્રભુ પેખીયે રે....**
**જન્મ સફળ થાયે પ્રભુજી માહરો....**

**સહજતત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી. શરીરથી તે ભિન્ન છે, ઉપસર્ગ તેને અડતા નથી, તરવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતા નથી. વાહ તત્ત્વ! અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે. તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે. મુનિના તેમ જ સમ્યગ્દષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં આ સહજતત્ત્વ નિરંતર બિરાજમાન છે. ૩૫૯.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સહજતત્ત્વ છે તેનો કદી નાશ થતો નથી. નિત્યાનંદ પ્રભુ જાગતી જ્યોત ધ્રુવ બિરાજે છે તે કદી નાશ પામતી નથી. ત્યાં નજર કરને! ત્યાં જો ને! જોનાર ચીજને જો! એ સહજતત્ત્વ છે–એમ ભાષાએ નહીં પણ ભાવથી ભાસન થવું જોઈએ.

સહજતત્ત્વ છે તે કદી મલિન થતું નથી. નિગોદની અવસ્થા હો કે કેવળજ્ઞાનની પર્યાય હો, વસ્તુ તો એવી ને એવી નિર્મળ છે. વળી કેવળજ્ઞાન થતાં વસ્તુમાં કાંઈ ઊણપ આવી જાય ને નિગોદ વખતે વસ્તુ પુષ્ટ રહે એમ નથી, વસ્તુ તો એવી ને એવી એકરૂપ ધ્રુવ રહે છે. એક સમયની સમીપમાં અંતરમાં આખો પ્રભુ બિરાજે છે. એ સહજતત્ત્વ કદી મલિન થતું નથી કે તેમાં કદી ઓછપ આવતી નથી, પર્યાયમાં ગમે તેવી ઓછપ આવે તોપણ દ્રવ્યસ્વભાવ એવો ને એવો જ સદાય રહ્યો છે.

એ સહજતત્ત્વ છે તે શરીરથી ભિન્ન છે. ત્રીજી ગાથા ( સમયસાર ) માં કહ્યું છે કે દરેક પદાર્થ પોતાના ગુણ–પર્યાયને સ્પર્શે છે પણ એક પદાર્થ બીજા પદાર્થને સ્પર્શતું નથી. શરીરને આત્મા સ્પર્શતો નથી. રાગને કર્મનો ઉદય સ્પર્શતો નથી. અહીં કહે છે કે શરીરથી સહજતત્ત્વ તદ્દન ભિન્ન હોવાથી શરીરમાં કોઈ ઉપસર્ગ આવે પણ એ તેને

[ અનુસંધાન પાનું ૨૪ ]

વાર્ષિક લવાજમ છ રૂપીયા વર્ષ ૩૫ અંક ૧૬




વીર સંવત ૨૫૦૫ A. D. 1979 MAR.

પંચમઆરાના પ્રતિબુદ્ધ શ્રોતાનો પડકાર :

## મૂળથી ઉખેડી નાખેલા મોહનો અંકુર ફરી નહીં ઊપજે

શ્રી સમયસારમાં જીવ-અજીવ અધિકારમાં શ્રી કુંદકુંદઆચાર્યદેવ અહીં ૩૮મી ગાથા કહીને જીવ-અધિકાર પૂરો કરે છે. તેથી જીવનો જેટલો અધિકાર હતો તે પ્રગટ બતાવતા કહે છે કે અમને જે અનંત-સંસારરૂપ મિથ્યાત્વ-મોહ હતો તેને મૂળમાંથી ઉખેડી નાખ્યો હોવાથી ફરી ઉત્પન્ન થનાર નથી. અમને તો ઠીક પણ અમે જે અપ્રતિબુદ્ધ શ્રોતાને આ સમજાવ્યું છે એ અપ્રતિબુદ્ધ શ્રોતા પણ પ્રતિબુદ્ધ થતાં-સમ્યગ્દ્રષ્ટિ થતાં તેને પણ મિથ્યાત્વ ગયું તે ગયું, ફરીથી તેનો અંકુર ઊપજવાનો નથી! આહાહા! શ્રોતા પણ કેવો લીધો!-કે અજ્ઞાની શ્રોતા હતો પણ ગુરુએ કહેલા ઉપદેશનું વારંવાર ઘોલન-મંથન-વિચાર કરીને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જ્ઞાયકસ્વભાવને પ્રગટ કરીને મોહને મૂળથી ઉખેડી નાખે છે. તેવા શ્રોતાને અહીં શ્રોતા તરીકે લીધો છે ને એ શ્રોતા કહે છે કે પ્રતાપવંત વર્તતા એવા અમને પરદ્રવ્યો ભાવકપણે કે જ્ઞેયપણે અમારી સાથે એક થઈને અમને ફરી મોહ ઉત્પન્ન કરી શકે તેમ નથી, કેમ કે મોહને અમે મૂળથી ઉખેડી

નાખ્યો હોવાથી મહાન જ્ઞાનપ્રકાશ અમને પ્રગટ થયો છે. અમારો અધિકાર-જીવનો અધિકાર જે મહાન જ્ઞાનપ્રકાશ છે તે અમને પ્રગટ થયો છે એવા પ્રતાપવંત વર્તતા અમને હવે કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતા ન હોવાથી તેઓ ભાવકપણે કે જ્ઞેયપણે અમારી સાથે એક થઈને અમને ફરીથી મોહનો અંકુર ઉત્પન્ન કરે એમ નથી, કેમ કે અમે મોહને મૂળથી ઉખેડી નાખ્યો છે. આહાહા! પંચમઆરાના ગુરુનો તો આ પડકાર છે પણ પંચમઆરાના પ્રતિબુદ્ધ શ્રોતાનો પણ આ પડકાર છે-એમ આચાર્યમહારાજ કહે છે.

[ શ્રી સમયસાર ગાથ ૩૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આત્માને એટલે કે જે અપ્રતિબુદ્ધ હતો તેણે શ્રીગુરુના ઉપદેશથી પુરુષાર્થ વડે આત્માને જાણીને, શ્રદ્ધામાં લીધો છે એવા પ્રતિબુદ્ધ જીવને આત્માનું સંચેતન કેવું હોય છે એ બતાવીને આચાર્યદેવ જીવ-અધિકાર પૂરો કરે છે.

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

આ આત્મા અનાદિનો છે. તે અનાદિથી મોહ-રાગ-દ્વેષની એકતાબુદ્ધિમાં હતો તે અજ્ઞાન હતું. શરીર ને શુભાશુભ ભાવ મારો છે એમ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને -પાગલપણાને લીધે અત્યંત અજ્ઞાની હતો, વસ્તુનું કાંઈ ભાન ન હતું. ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરતાં કરતાં પોતાની ચીજને ભૂલીને પાગલ થઈ રહ્યો હતો. શરીર જડ છે તેને પોતાની ચીજ માની. વિષય-વાસના આદિનો રાગ દુઃખ છે, દયા-દાન આદિનો રાગ દુઃખ છે, આકુળતા છે, તે વસ્તુ પોતામાં નથી છતાં તેને પોતાના માનીને અત્યંત અપ્રતિબુદ્ધ હતો. સચ્ચિદાનંદ આત્માને ભૂલીને શરીર ને રાગના પ્રેમમાં મૂઢ થઈ રહ્યો છે. લક્ષ્મી જડ-તો કહે કે મારી છે, સ્ત્રીનું શરીર ને આત્મા પર-તો કહે મારી છે, પુણ્ય-પાપના પરિણામ રાગ ને દુઃખ છે, તો અજ્ઞાની તેને પોતાની માને છે-એ રીતે અત્યંત મૂઢ અજ્ઞાની હતો.

એવા અજ્ઞાનીને ગુરુએ સમજાવ્યો. કેવા ગુરુ?–કે વિરક્ત ગુરુ. જેને રાગ ને પરમાંથી રતપણું ઊડી ગયું છે, વિરક્ત થઈ ગયા છે ને પોતાના આનંદ સ્વરૂપ પ્રભુમાં જેની લીનતા છે એવા નિર્ગ્રંથ મુનિ સંત ગુરુએ અજ્ઞાનીને સમજાવ્યું. ગુરુએ કહ્યું કે પ્રભુ તું સુખનો સાગર છે ને રાગાદિભાવો તે સંસારના બીજ છે, તેનાથી તું ભિન્ન છો –એમ ગુરુએ નિરંતર સમજાવ્યું. નિરંતર એટલે? પ્રચૂર સ્વસંવેદનવાળા ગુરુ કાંઈ નિરંતર સમજાવવા નવરા નથી પણ ગુરુએ જે સમજાવ્યું તેનો સમજનારે નિરંતર વિચાર કર્યો તેથી નિરંતર સમજાવ્યું એમ કહ્યું.

ગુરુએ એકાદ–બે વાર સમજાવ્યું પણ સમજનારે વારંવાર વિચાર કર્યો, શ્રોતાએ વારંવાર વિચારધારા ચલાવી તેથી ગુરુએ નિરંતર સમજાવ્યું એમ કહ્યું. ગુરુએ કહ્યું કે પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો, ધ્રુવ છો, રાગાદિ તારી ચીજ નથી. ત્યારે સમજનારે વારંવાર વિચારીને તેનું રટન લગાવ્યું કે રાગાદિ હું નહીં, હું તો જ્ઞાયક શુદ્ધ પવિત્ર પ્રભુ છું–એમ વારંવાર ઘોલન કર્યું. અહો! હું તો જાણન જાણન જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છું, રાગાદિ કે શરીરાદિ તે હું નથી, હું તો શરીર રહિત અશરીરી તત્ત્વ છું –એમ વારંવાર વિચાર ઘોલન કર્યું.

આ આત્મા સદા સિદ્ધ સમાન છે, હું ચેતનમૂરત છું–એમ વારંવાર વિચારધારા ચલાવી ત્યારે કોઈ પણ પ્રકારે–મહાભાગ્યથી–પુરુષાર્થ વડે સમજીને સાવધાન થયો. શરીર ને રાગમાં જે આકર્ષિત હતો, સાવધાન હતો તે હવે આત્માના આનંદમાં આકર્ષિત થયો, સાવધાન થયો. ગુરુએ કહ્યું કે તું સત્ ને શાશ્વત આનંદનો પિંડ છો, પુણ્ય ને પાપના વિકલ્પ ઊઠે છે એ તું નહીં, એ તો ભિન્ન તત્ત્વ છે. શરીરાદિ તો તારી પર્યાયમાં પણ નથી, એ તો તારામાં નથી પણ જે પુણ્ય–પાપના વિકલ્પ ઊઠે છે એ પણ તારી ચીજ નથી. ત્યારે વારંવાર વિચાર ઘોલન કરીને સાવધાન થઈ ગયો કે અરે! હું તો જ્ઞાયકભાવ, ધ્રુવસ્વભાવ પરમ પારિણામિકભાવ તે હું છું–એમ, જે અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે, સાવધાન થઈ ગયો. ચૈતન્ય શું ચીજ છે?–એની કાંઈ ખબર ન હતી ને શરીર, સ્ત્રી, પુત્ર આદિમાં સુખબુદ્ધિ હતી એવો અત્યંત અપ્રતિબુદ્ધ હતો તેવા શ્રોતાને ગુરુએ સમજાવતાં નિરંતર મનન કરીને સાવધાન થઈ ગયો.

જેમ કોઈ દાતણ કરતી વખતે સોનાની વસ્તુ–વીંટી આદિ પોતાની મૂઠીમાં રાખે ને ભૂલી જાય કે અરે ક્યાં ગઈ? તે ફરી યાદ કરતાં સુવર્ણની તે વસ્તુને દેખે

કે આ રહી. તેમ જેમાં રાગ–દ્વેષની ગંધ પણ નથી ને અલ્પજ્ઞ દશા પણ જેમાં નથી એવો જ્ઞાયકભાવ ગુરુ દ્વારા સમજાવતાં વારંવાર મનન કરીને, સાવધાન થઈને આત્માને જાણીને, શ્રદ્ધીને તેમાં તન્મય થઈને એક આતમરામ થયો. કોણ આતમરામ થયો ?–કે જે અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે એક આતમરામ થયો.

જેમ સોનું મૂઠીમાં હતું પણ ભૂલી ગયો હતો ને તેને શોધવા ચારે બાજુ ફાંફાં મારતો હતો તે ફરી યાદ કરતાં પોતાની મૂઠીમાં જ મળી જતાં આશ્ચર્ય પામે છે. તેમ પરમેશ્વર પોતે જ છે તેને ભૂલી ગયો હતો ને હું પૈસાવાળો છું, આ મારી સ્ત્રી, આ મારો પુત્ર–એમ પોતાના પરમેશ્વરને ભૂલી ગયો હતો. તેને ગુરુએ નિરંતર સમજાવતાં સાવધાન થઈ ગયો કે અરે ! હું તો સકલ નિરાવરણ આત્મતત્ત્વ છું, જ્ઞાયક સ્વરૂપ જાણનસ્વભાવનો પિંડ પ્રભુ તે હું છું–એમ, જેને ભૂલી ગયો હતો તેને, જાણીને તેનું શ્રદ્ધાન કરે છે. જ્ઞાનની વર્તમાન દશામાં જાણ્યું કે આ જ્ઞાયક અખંડ એક શુદ્ધ વસ્તુ તે હું છું–એમ જાણીને એની શ્રદ્ધા–પ્રતીતિ કરે છે. જાણીને પ્રતીતિ કરે છે હો !

આ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે એમ જાણીને તેનું શ્રદ્ધાન કર્યું પછી તેનું આચરણ કર્યું, આનંદના નાથમાં રમણ કર્યું. તેમાં તન્મય થયો. એ રીતે સમ્યક્ પ્રકારે અર્થાત્ ધારણામાં લીધું કે આત્મા આવો છે ને તેવો છે એમ નહીં પણ સહજાનંદ પ્રભુને જાણીને, તેની પ્રતીતિ કરીને, તેમાં તન્મય થઈને એક આતમરામ થયો. આનંદમાં રમે તે આતમરામ, રાગમાં રમે તે હરામ.

હું

જ્ઞાયક–ધ્રુવ શુદ્ધ તેનું જ્ઞાન કરીને, તેની પ્રતીતિ કરીને, તેની રમણતા કરીને એક આત્મારામ થઈને શું અનુભવ કરે છે તે કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણીને, પ્રતીતિ કરીને, સ્વરૂપાચરણ કરીને એમ અનુભવે છે કે હું તો ચૈતન્યમાત્ર જ્યોતિ છું. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ હું છું. અતીન્દ્રિય આનંદનો સુખધામ હું છું. ચૈતન્ય જાનન–દેખન માત્ર જ્યોતિ છું, રાગાદિ બિલકુલ હું નથી. ધર્મી પોતાને ચૈતન્યમાત્ર જ્યોતિ રૂપ આત્મા માને છે, રાગરૂપ પોતાને નથી માનતો. ચૈતન્ય પ્રકાશના નૂરનો પૂંજમાત્ર હું છું.

હું ચૈતન્યજ્યોતિના નૂરનું પૂર એવો આત્મા છું કે જે મારા જ અનુભવથી

પ્રત્યક્ષ જણાવ છું. અહીં મતિ–શ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ ગણ્યું છે. આત્માને જાણવા માટે મતિ–શ્રુતજ્ઞાનની અપેક્ષા છે પણ રાગ કે નિમિત્તની અપેક્ષા નથી. ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છે એ મારી વીતરાગી પરિણતિથી પ્રત્યક્ષ જણાય છે. મારા સ્વભાવની નિર્મળ પર્યાયથી હું મને જણાઉં છું. રાગથી કે વિકલ્પથી જણાતો નથી એમ નાસ્તિથી ન કહેતા મારા અનુભવથી પ્રત્યક્ષ હું જણાઉં છું એમ અસ્તિથી કહ્યું. ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ આત્મા ચૈતન્યજ્યોતિની પરિણતિથી જણાય છે.–એમ પ્રથમ શ્રદ્ધામાં તો નક્કી કરે, ભલે બહિર્લક્ષી શ્રદ્ધા, પણ પહેલા શ્રદ્ધામાં નક્કી તો કરે કે હું મારા જ અનુભવથી જણાઉં એવો છું, રાગાદિથી કે નિમિત્તથી જણાઉં એવો નથી. મારી અનુભવની પર્યાયથી હું જણાઉં એવો છું. મારા જ અનુભવથી ભગવાન પ્રત્યક્ષ જણાય છે. લ્યો! કેવળજ્ઞાન થયું નથી છતાં પ્રત્યક્ષ જણાય છે!–કે હા, મારી નજરથી મારો આત્મા દૂર રહેતો નથી પણ મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય છે.

ધર્મી પોતાને ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા માને છે. હું ચૈતન્ય જ્યોતિસ્વરૂપ આત્મા છું. ચૈતન્યજ્યોતિની સર્ચલાઈટ ભગવાન આત્મા છે. હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા અનુભવમાં પ્રત્યક્ષ જણાઉં છું. જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જાણવામાં આવે છે, પરોક્ષ નહિ, આહાહા!

## ❁ એક ❁

ચિન્માત્ર આકારને કારણે ક્રમરૂપ જે મનુષ્ય ગતિ, સ્વર્ગગતિ આદિ થાય છે તે હું નથી ને જોગ, લેશ્યા આદિ એકસાથે હોય છે એવા અક્રમરૂપ વ્યવહારિક ભાવો પણ હું નથી. તેથી ક્રમરૂપ ને અક્રમરૂપ વ્યવહારિક ભાવોથી હું ભેદરૂપ નથી થતો માટે હું એક છું.

હું સમસ્ત ક્રમરૂપ ગતિ આદિથી અને અક્રમરૂપ લેશ્યા, જોગ આદિ વ્યવહારિક ભાવોથી–ભેદરૂપ ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું. હું અભેદરૂપ એક છું. જેને આત્માનું જ્ઞાન થયું છે તે પોતાને આમ અનુભવે છે.

## ❁ શુદ્ધ ❁

નર–નારક આદિ જીવની વિશેષ પર્યાયો, શરીર કર્મ આદિ અજીવની પર્યાયો, શુભભાવ–પુણ્ય, અશુભભાવ–પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એ પર્યાયના વ્યવહારિક નવ તત્ત્વો છે, તેમનાથી ટંકોત્કીર્ણ–શાશ્વત એક જ્ઞાયકસ્વભાવ–

રૂપ ભાવવડે અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું. હું તો એવો ને એવો એક જ્ઞાયકસ્વભાવ છું. તેના વડે નવ તત્ત્વોથી–મોક્ષની પર્યાયથી પણ અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું. આસ્રવભાવની પર્યાયથી ને સંવર–નિર્જરા–મોક્ષની પર્યાયથી મારો ભગવાન અત્યંત જુદો છે. સાદકદશા ને સિદ્ધદશાથી હું તો અત્યંત જુદો છું–એમ જાણે છે તો–અનુભવે છે તો પર્યાય હો!

નવ તત્ત્વોના પર્યાયના વ્યવહારિક ભેદોથી હું તો અત્યંત જુદો છું માટે શુદ્ધ છું. ભગવાન આત્માને તેની પર્યાયથી જુઓ તો અશુદ્ધ કહેવાય છે. જ્ઞાન–દર્શનની પર્યાયથી જુઓ તો મેચક–મલિન–વ્યવહાર કહેવાય છે. પર્યાયના ભેદોથી ભિન્ન તેને શુદ્ધ કહેવાય, પર્યાયના ભેદો સહિત તેને અશુદ્ધ કહેવાય.

## દર્શનજ્ઞાનમય સદા અરૂપી

ચિન્માત્ર જ્યોતિને લઈને સામાન્ય–વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી એટલે કે મારો સ્વભાવ જે દર્શનજ્ઞાનમય છે તેને ઉલ્લંઘતો નથી માટે હું દર્શન–જ્ઞાનમય છું–એમ અનુભવદશા કહે છે. દર્શનજ્ઞાનવાળો છું એમ નહિ પણ દર્શન–જ્ઞાનમય છું.

મારું જ્ઞાન સ્પર્શ–રસ–ગંધ આદિને જાણવારૂપ પરિણમેલું હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે આત્મા થતો નથી. સ્પર્શાદિ મારા જ્ઞાનના વેદનમાં નિમિત્ત છે પણ વેદન મારું છે. નિમિત્તનું નથી તથા એ રૂપીપણું હું પરિણમ્યો નથી માટે પરમાર્થે હું ત્રિકાળ સદાય અરૂપી છું.

આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો એટલે કે પોતાની સ્વસંવેદન શક્તિથી રૂપીને જાણવા છતાં પોતે રૂપી થતો નથી કે રૂપી પોતામાં આવતા નથી એવા સ્વરૂપને અનુભવતો, પર્યાયના પ્રકાશમાં સર્વથી જુદા સ્વરૂપને અનુભવતો અર્થાત્ મારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા મારા શુદ્ધ ચૈતન્યઘન આત્માની સન્મુખ થઈને તેને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.

શરીરથી, રાગથી રહિત પૂરણ આનંદ સ્વરૂપ વસ્તુને જ્ઞાનની પર્યાયમાં અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. આ પ્રકારે હું, એક, શુદ્ધ, સદા અરૂપી ને દર્શન જ્ઞાનમય તથા સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું જ્ઞાયક મારા અખંડ પ્રતાપથી શોભાયમાન રહ્યો. ધર્મી એમ જાણે છે–અનુભવે છે કે પરથી જુદો એવો

આ હું પ્રતાપવંત રહ્યો. મારી સ્વતંત્રતાથી શોભાયમાન હું આ રહ્યો.

આ રીતે હું પ્રતાપવંત વર્તું છું એવા મને, જોકે મારી બહાર અનેક પ્રકારની તેની પોતાની સ્વરૂપની સંપદા વડે અનંતા પદાર્થો શોભાયમાન છે કે જેને મારી જરૂર નથી ને મારે તેની જરૂર નથી, અનંતા પરમાણુ, અનંતા સિદ્ધો, બીજા અનંતા જીવો તેની સ્વરૂપની સંપદા વડે સ્ફુરાયમાન છે, તોપણ મને પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતા નથી. જેમ હું પોતે અસ્તિ છું તેમ સમસ્ત અન્ય દ્રવ્યો તેના વડે અસ્તિ છે તોપણ કોઈ પણ પરદ્રવ્ય મારાપણે મને ભાસતાં નથી.

સિદ્ધ હો કે સ્ત્રી–પુત્ર આદિ હો પણ એ તો એના પોતાના સ્વરૂપની સંપદા વડે શોભાયમાન છે તોપણ તેઓ મારાપણે અનુભવતા નથી–એમ સમ્યગ્દ્રષ્ટિ માને છે, અનુભવે છે. પ્રથમ તે અજ્ઞાની હતો પણ તેને ગુરુએ સમજાવતાં પોતાના સ્વરૂપના રટણમાં આવીને સ્વરૂપની સંપદાને અનુભવીને ધર્મી થયો છે એવો સમ્યગ્દ્રષ્ટિ એમ અનુભવે છે કે પોત–પોતાના સ્વરૂપની સંપદા વડે સ્ફુરાયમાન સમસ્ત પરદ્રવ્યો કિંચિત્‌માત્ર પણ મને મારાપણે ભાસતા નથી. જુઓ! આ જાગી ઊઠેલા શ્રોતાની વાત!

જેને સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં પૂર્ણાનંદનો નાથ આત્મા ભાસ્યો તે સમ્યગ્દ્રષ્ટિ એમ કહે છે કે મારામાં પ્રતાપવંત વર્તતા એવા મને કોઈ પણ પરદ્રવ્યો મારાપણે ભાસતા નથી કે જેથી ભાવકપણે કે જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરાવે. આહાહા! પંચમકાળના આચાર્યદેવ કહે છે કે અમે જે મોહનો નાશ કર્યો તે ફરી ઉત્પન્ન થનાર નથી. દ્રવ્ય શું કદી પડે? તેમ તેની દ્રષ્ટિ થઈ એ કદી પડે?–ન પડે. તેથી અમે જે મોહનો નાશ કર્યો તે અમને ફરી ઉત્પન્ન નહીં થાય. અરે! અહીં તો અજ્ઞાની શ્રોતા હતો ને તે પ્રતિબુદ્ધ થયો તે કહે છે કે અમે આત્મજ્ઞાન પામ્યા છીએ અને અમે હવે સાદિ–અનંત સમ્યગ્દર્શનમાં રહેવાના છીએ. મુનિ પોતે તો આમ કહે છે પણ જેને આત્મા સમજાવ્યો છે એવો પ્રતિબુદ્ધ શ્રોતા એમ કહે છે કે મને હવે કોઈ ફરીથી મોહ ઉત્પન્ન કરે એમ છે જ નહીં. અમને જે દ્રષ્ટિ ને દ્રષ્ટિનો વિષય મળ્યો એ દ્રષ્ટિ પડે એ ત્રણકાળમાં છે નહીં. જ્યાં અંદરથી ઝબકારો જાગ્યો, પ્રકાશનો પૂંજ જાગ્યો એવા અમ પંચમઆરાના શ્રોતાને ને પંચમઆરાના ગુરુને ફરી મિથ્યાત્વ થાય એમ નથી. અમારો જે મિથ્યાત્વ–અનંત સંસાર હતો એ ગયો એ ગયો, એ ફરી ઉત્પન્ન થવાનો નથી. આહાહા! પ્રભુ! પ્રભુ!

ભાવકભાવ ને જ્ઞેય મારા થઈને ફરી મોહ ઉત્પન્ન કરે એ મારે નથી. કેમ ?–કે મારા નિજરસથી, મારી નિજ શક્તિના સામર્થ્યથી મોહને મૂળથી ઉખાડી નાખ્યો છે. મોહ ફરી કેમ ઉત્પન્ન નહીં થાય ?–કે મારા સ્વભાવના સામર્થ્યથી જ કર્મથી કે નિમિત્તથી નહીં પણ મારા નિજરસથી જ–મોહને ઉખાડી નાખ્યો છે. મેં મારા નિજરસથી મોહનું મૂળીયું ઉખાડી નાખ્યું છે. આહાહા! શું સમયસાર! શું તેના કહેનાર સંતો! ને શું તેના શ્રોતાઓ! જેને સમજાવ્યું છે ને જે સમજ્યો છે એવો શ્રોતા એમ કહે છે કે મારા પૂરણ સ્વભાવની સાવધાનીના સામર્થ્યથી મેં મોહને મૂળમાંથી ઉખાડી નાખ્યો છે તેથી ફરી અમને મોહ ઉત્પન્ન થવાનો નથી.

ફરીથી મોહનો અંકુરમાત્ર પણ અમને ન ઊપજે એવો મોહનો અમે નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ, ચૈતન્ય ઝળહળ જ્યોતિ મને પ્રગટ થયો છે. મારો પ્રભુ ચૈતન્ય ઝળહળ જ્યોતિ તેનો મહાન પ્રકાશ મને પ્રગટ થયો છે. દ્રવ્યસ્વભાવનો જે સ્વભાવ, જ્ઞાયકસ્વભાવનો જે જ્ઞાયકભાવ એ મને પ્રગટ થયો છે. અહીં જીવ અધિકાર પૂરો કરવો છે ને! તેથી જીવનો જેટલો અધિકાર (–સામર્થ્ય) હતો તેટલો પૂરો અધિકાર આવી ગયો–પ્રગટી ગયો!

આહાહા! પંચમકાળના ગુરુ ને શ્રોતાની વ્યાખ્યા તો જુઓ! ભલે બે–ચાર શ્રોતા નીકળે, પણ નીકળે, નીકળે ને નીકળે.

કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા પણ એના ટીકાકાર પોકાર કરે છે, અરે! ટીકાકાર કહે છે કે અમે જેને કીધું એ શ્રોતા આ પોકાર કરે છે કે અમે મોહને મૂળથી ઉખેડી નાખ્યો હોવાથી મોહનો અંકુર પણ હવે ફરીથી ઉત્પન્ન થવાનો નથી. આહાહા! શ્રોતા ક્યાં ભગવાન પાસે ગયો છે?–કે એ નિજ ભગવાન પાસે ગયો છે ને! તેથી પડવાની વાત મારે માટે નથી. શાસ્ત્રમાં પડવાની વાત આવે છે પણ એ તો જાણવા માટે છે, મારા માટે એ વાત નથી. આહાહા! જેણે શુદ્ધ દ્રવ્યનો આશ્રય લીધો ને સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટ થયા તેને પડવાની વાત હવે નથી!

જ્ઞાનનો ભંડાર પ્રભુ, તેમાંથી મારી પર્યાયમાં મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો છે. જીવ–અધિકારનો આ છેલ્લો સરવાળો કે જીવનો જેવો અધિકાર હતો એ મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો ત્યાં જીવનો અધિકાર પૂરો થયો–પૂરણ અધિકાર પ્રાપ્ત થયો.

# રાગાદિમાં કર્તાકર્મની પ્રવૃત્તિ મટાડતી જ્ઞાનજ્યોતિ

[ શ્રી સમયસાર, શ્લોક ૪૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

કર્તા આત્મા ને રાગાદિ કર્મ એમ જીવ ને અજીવ બે એક સ્વાંગ કરીને કર્તા–કર્મરૂપે પ્રવેશ કરે છે. તે સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે તે કહે છેઃ–

આ લોકમાં અનાદિ અજ્ઞાની એમ માને છે કે હું આત્મા રાગાદિનો એકલો કર્તા છું. હું આત્મા વિકારાદિ ભાવનો એકલો કર્તા છું. રાગાદિનો હું એક કર્તા છું. રાગાદિનો હું અકર્તા છું એમ નહીં પણ હું એક તેનો કર્તા છું એમ અજ્ઞાની માને છે. રાગાદિ અન્ય ચીજ છે એમ ન માનતા હું એકલો વિકારનો કર્તા છું એમ તે માને છે. રાગાદિનો કર્તા પર ને હું તેનો જાણનાર છું એમ ન માનતા હું એકલો રાગાદિનો કર્તા છું એમ અજ્ઞાનીની કર્તાકર્મની પ્રવૃત્તિ છે.

સ્વભાવની રુચિ નથી ને વિકારની રુચિ છે તેને સ્વભાવ પ્રત્યે ક્રોધ થયો છે. એ ક્રોધાદિ ભાવોનો હું એકલો કર્તા છું એમ અજ્ઞાની માને છે. વિકારનો, કર્મનો, જડનો હું એક કર્તા છું ને આ ક્રોધાદિ ભાવ મારા કાર્ય છે. ક્રોધાદિ ભાવોનો પર કર્તા છે ને હું તેનો જાણનાર છું એમ ન માનતા હું એકલો તેનો કર્તા છું એમ અજ્ઞાની માને છે.

વિકારીભાવ સંયોગી છે, એ સ્વભાવભાવ નથી, છતાં મારો આત્મા એ વિકારી ભાવનો કર્તા છે ને એ મારું કાર્ય છે એમ અજ્ઞાની માને છે. ખરેખર તો વિકારી ભાવને જાણવું એ મારું કાર્ય છે, રાગાદિ ભાવ તો અજીવનું કાર્ય છે, પણ એમ ન માનતા હું એક જ તેનો કર્તા છું એમ અજ્ઞાનીને પરિણામમાં કર્તાકર્મની પ્રવૃત્તિ છે.

હું તો જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છું. જાણવું–દેખવું એ મારું કાર્ય છે. વિકારના પરિણામને અડયા વિના સ્પર્શયા વિના મારા જ્ઞાનની હૈયાતીને લીધે હું તેને જાણું છું. કોઈ પણ રીતે રાગાદિ એ મારું કાર્ય નથી, એ રીતે બધી તરફથી કર્તાકર્મની પ્રવૃત્તિ શમાવતી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, સ્ફુરાયમાન થાય છે. કર્તાકર્મમાં અજ્ઞાનીને વિકાર સ્ફુરાયમાન હતા, ચૈતન્યજ્યોતિની અંતર્દ્રષ્ટિ થતા જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે, એ મારું કાર્ય છે.

[ અનુસંધાન પાનું ૧૪ પર ]

# જ્ઞાનસ્વરૂપ આત્માની દ્રષ્ટિ કર

**આત્માને ને જ્ઞાનને એકત્વ છે પરંતુ એ સિવાય અન્ય સમસ્ત ચેતન કે અચેતન પદાર્થો સાથે આત્માને એકત્વ નથી. સુખ, વીર્ય, શાંતિ આદિ અનંત ગુણો સાથે અવિનાભાવી સંબંધવાળા જ્ઞાનસ્વરૂપ આત્માને અન્ય સમસ્ત પદાર્થો સાથે અન્યત્વ હોવાથી જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખી તેમાં એકાગ્ર થવું-એ જ સુખી થવાનો સાચો ઉપાય છે.**

[ શ્રી પ્રવચનસાર ગાથા–૨૭ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્મા અને જ્ઞાન એકરૂપ છે. જેમ ઉષ્ણતા ને અગ્નિ એકરૂપ છે તેમ આત્મા અને જ્ઞાનને એકત્વ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે અથવા તો સુખ, વીર્ય આદિ ગુણસ્વરૂપ છે તે વાત ગાથા દ્વારા કહે છે. જેને કલ્યાણ કરવું હોય તેને આત્મા ને જ્ઞાન એક હોવાથી જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થવું.

છે જ્ઞાન આત્મા જિનમતે; આત્મા વિના નહિ જ્ઞાન છે,

તે કારણે છે જ્ઞાન જીવ, જીવ જ્ઞાન છે વા અન્ય છે. ૨૭.

આત્મા સિવાય એટલે કે આ જ્ઞાનસ્વભાવ આત્મા સિવાય અન્ય સમસ્ત ચેતન અને અચેતન પદાર્થો સાથે અન્યત્વ છે–એકત્વ નથી, પોતાના જ્ઞાનસ્વભાવ આત્મા સિવાય અનંતા નિગોદના જીવમાં કે અનંતા સિદ્ધ ભગવંતોમાં આ જ્ઞાનસ્વભાવ નથી. અનંત અનંત આત્મા છે તેનો જ્ઞાનસ્વભાવ તેની સાથે છે પણ આ જ્ઞાનસ્વભાવ તેની સાથે નથી.

જ્ઞાન ગુણ છે ને આત્મા ગુણી છે. સાકરની મીઠાશ તે ગુણ છે ને સાકર ગુણી છે, તેની મીઠાશ બીજી સાકરમાં કે અફીણ આદિ પદાર્થમાં નથી. તેમ આ જ્ઞાનસ્વભાવ છે તે ગુણ છે ને આત્મા ગુણી છે. આ જ્ઞાનસ્વભાવ બીજા સમસ્ત ચેતન પદાર્થમાં કે અચેતન પદાર્થમાં નથી.

જેને જાણનસ્વભાવ અને આત્મા એકરૂપ છે એમ પોતાનું અસ્તિત્વ દ્રષ્ટિમાં ન આવ્યું તે પરમાં પોતાનું અસ્તિત્વ માનશે ને જેને જ્ઞાન તે હું છું એમ પોતાનું અસ્તિત્વ લક્ષમાં આવ્યું તે પોતાના જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થશે. તેથી અહીં કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી છે. તે જ્ઞાનસ્વભાવ પોતાના સિવાય અન્ય આત્મામાં કે અચેતનમાં નથી. આત્મા અને જ્ઞાન બન્નેના ક્ષેત્ર એક છે, અભિન્ન છે, સમવાય સંબંધ–તાદાત્મ્ય સંબંધ છે પરંતુ આ જ્ઞાનસ્વભાવને અન્ય ચેતન–અચેતન પદાર્થ સાથે સમવાય સંબંધ નથી.

આત્માને ને જ્ઞાનને અનાદિ–અનંત સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ છે એટલે કે જ્યાં આત્મા છે ત્યાં જ્ઞાન છે એમ બન્નેના ક્ષેત્ર–પ્રદેશ અભિન્ન છે. આત્મા સિવાય જ્ઞાન અલગ હૈયાતી રાખતું નથી તેથી જ્ઞાન આત્મા જ છે. જાણન સ્વભાવ છે તેની હૈયાતી આત્મા સિવાય નથી તેથી જાણન સ્વભાવ તે આત્મા જ છે.

વળી આત્મા તો અનંત ગુણોનો અધિષ્ઠાતા છે એટલે કે સુખ, શાંતિ આદિ અનંત ગુણો છે તેનો આધાર આત્મા છે. તેથી આત્મા એકલો જ્ઞાનરૂપ જ નથી પણ સુખ, શાંતિ પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત ગુણો આત્મા જ છે. જો આત્મા એકલો જ્ઞાનસ્વભાવી જ હોય તો જ્ઞાન ગુણ તે દ્રવ્ય થઈ જાય. પરંતુ જ્ઞાન તે આત્મા જ છે તેમ સુખ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા તે આત્મા જ છે.

ભાઈ! પર મારા છે ને પરમાં સુખ છે–એ રહેવા દે! તારામાં જ્ઞાન, આનંદ, શાંતિ આદિ ભર્યા છે, એવો આત્મા તે તું છો. તેની સામું જો ને! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ દ્વારા જ્ઞાન પણ છે ને શાંતિ, સુખ, વીર્ય આદિ દ્વારા તે રૂપે પણ છે. એવા જાણનાર આત્માને તું જાણ. આહાહા! ત્રણ લોકનો નાથ પરમેશ્વર તને જગાડે છે કે જાગ રે જાગ નાથ જાગ!

હવે કહે છે કે જો એકાંતે જ્ઞાન તે આત્મા છે, તો જ્ઞાનગુણ આત્મદ્રવ્ય થઈ જશે ને જ્ઞાનગુણ દ્રવ્ય થઈ જતા જ્ઞાનગુણ ન રહેતા જ્ઞાનગુણનો અભાવ થાય અને જ્ઞાનગુણનો અભાવ થતા આત્માને અચેતનપણું આવે.

જ્ઞાન તે આત્મા છે એમ કહ્યું પણ જો એકાંતે જ્ઞાન આત્મા છે એમ કહો તો જ્ઞાનગુણ દ્રવ્ય થઈ જાય અને જ્ઞાનગુણનો અભાવ થતા આત્માને અચેતનપણું આવી જાય અર્થાત્ જ્ઞાનગુણ એ વિશેષ ગુણ છે ને વિશેષ ગુણનો અભાવ થવાથી આત્માનો અભાવ થઈ જાય.

જો એમ માનવામાં આવે કે સર્વથા આત્મા જ્ઞાન છે તો આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જતાં, જ્ઞાનને આધારભૂત દ્રવ્ય ન રહેતા, આધાર વિના જ્ઞાનગુણનો અભાવ થઈ જાય. અથવા જો આત્મા એક જ્ઞાનગુણરૂપ થઈ જાય તો આત્માના બીજા સુખ, વીર્ય આદિ ગુણોનો અભાવ થઈ જાય. અને તો અનંતા ગુણો સાથે અવિનાભાવી સંબંધવાળા આત્માનો પણ અભાવ થઈ જાય. જ્યાં આત્મા છે ત્યાં અનંતા ગુણો છે ને જ્યાં અનંતા ગુણો છે ત્યાં આત્મા છે–એવો અવિનાભાવી સંબંધ હોવાથી જો આત્મા એક જ્ઞાનગુણરૂપ થઈ જાય તો બીજા અનંતા ગુણોનો અભાવ થતાં તેની સાથે અવિનાભાવી સંબંધવાળા આત્માનો પણ અભાવ થઈ જાય. આથી એમ સિદ્ધ થયું કે જ્ઞાન અને આત્માને એકપણું છે.

આવા આત્માની એટલે કે સુખ, વીર્ય આદિ અનંત ગુણોથી ભરેલા જ્ઞાનસ્વરૂપ આત્માની દ્રષ્ટિ કરવી.

[ રાગાદિમાં કર્તાકર્મની પ્રવૃત્તિ.......... પૃષ્ઠ ૧૧ થી ચાલુ ]

વિકારનો હું એકલો કર્તા છું એ અજ્ઞાન હતું. એ અજ્ઞાનને ચારે કોરથી શમાવતા એટલે કે તેનો કર્તા હું નહીં, હું તો તેનો જાણનારો છું એવું જ્ઞાન સ્ફુરાયમાન થયું. જ્ઞાનસ્વભાવનું ત્રિકાળી સત્ત્વ તો હતું પણ ભેદજ્ઞાનપૂર્વક તેની દ્રષ્ટિ કરતાં એ શક્તિરૂપ ભાવ પ્રગટ થાય છે, જ્ઞાનજ્યોતિની શક્તિની વ્યક્તતા સ્ફુરાયમાન થાય છે.

કર્તાકર્મની પ્રવૃત્તિને શમાવતી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે તે પરમ ઉદાત છે અર્થાત્ કોઈને આધીન નથી ને અત્યંત ધીર છે તથા પરની સહાય વિના એટલે કે રાગાદિ મંદતાની સહાય વિના કે દેવ–શાસ્ત્ર–ગુરુની સહાય વિના સમસ્ત લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે.

એ જ્ઞાનજ્યોતિ પરની સહાય વિના જુદા જુદા દ્રવ્યોને ભિન્ન ભિન્ન પ્રકાશવાનો સ્વભાવ હોવાથી સમસ્ત લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે. શ્રુતજ્ઞાનમાં રાગને પરદ્રવ્ય તરીકે જાણતા ને સ્વદ્રવ્યને સ્વમાં સ્થાપતા પરોક્ષ રીતે બધા પદાર્થને સાક્ષાત્ કરે છે ને કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ રીતે બધા પદાર્થને સાક્ષાત્ કરે છે. અજ્ઞાનમાં રાગાદિનો કર્તા માનતો હતો પણ તે કાંઈ સ્વભાવમાં નહોતું. તેથી જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થતાં પરદ્રવ્ય અને પરભાવના કર્તાપણાને દૂર કરીને પર્યાયમાં પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે.

–આ રીતે અમૃતચંદ્રાચાર્યદેવે કર્તાકર્મ અધિકાર શરૂ કરતાં પહેલાં માંગલિક કર્યું છે.

## કેવળીને અને શ્રુતકેવળીને આત્મ-અનુભવમાં તફાવત નથી

**અહીં આચાર્યદેવ એમ કહે છે કે કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત નથી, માટે વિશેષ જાણવાની આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ. કેવળી અને શ્રુતકેવળીમાં વધુ ઓછું જાણવારૂપ ભેદ છે પણ એ ભેદ અત્યંત ગૌણ છે. કેવળી એકીસાથે પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે શુદ્ધ અખંડ એક આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે અને શ્રુતકેવળી ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે શુદ્ધ અખંડ એક આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે. આમ આત્મઅનુભવનમાં કેવળી ને શ્રુતકેવળી તુલ્ય જ છે. સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ છે. માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ ક્ષોભ છોડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિના ઉપાયરૂપ સ્વરૂપમાં નિશ્ચય રહેવું જ યોગ્ય છે.**

[ શ્રી પ્રવચનસાર ગાથા–૩૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જેણે ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને જાણ્યો છે તેને હવે વિશેષ ક્ષયોપશમની આકાંક્ષાથી બસ થાઓ. કળશ ટીકામાં ૧૩ માં કળશમાં કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી. અહીં કહે છે કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા શ્રુતજ્ઞાનીએ આત્માને જાણ્યો ને કેવળીએ આત્માને જાણ્યો એ જાણવામાં –અનુભવનમાં કાંઈ ફેર નથી.–એમ કહીને વિશેષ જાણવાની ઇચ્છાના ક્ષોભને નષ્ટ કરે છેઃ–

શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,
ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩.

ભગવાન કેવળી પરમાત્મા ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં એકીસાથે જાણે એવા સમસ્ત ચૈતન્યવિશેષવાળા કેવળજ્ઞાન વડે ત્રિકાળી ધ્રુવ સામાન્ય આત્માને જાણે છે. ચૈતન્યવિશેષ એ તો પર્યાય છે પણ એ કેવળજ્ઞાનપર્યાય વડે સ્વયંસિદ્ધ જ્ઞાયક આત્મા કે જે કોઈ પણ કારણથી ઉત્પન્ન થયો નથી એવો અનાદિનિધન–નિષ્કારણ

–અસાધારણ–સ્વસંવેદ્યમાન છે તેને જાણે છે.

ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા દર્શકજ્ઞાયક સ્વભાવ વડે કેવળ એકરૂપ છે અર્થાત્ જે શુદ્ધ અખંડ ને નિર્મળ છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે તેથી કેવળી છે. એકરૂપ અખંડ ચૈતન્યસામાન્યને કેવળજ્ઞાન વડે અનુભવે છે તેથી કેવળી છે.

તેમ અમે પણ એટલે કે પંચમઆરાના મુનિરાજ કહે છે કે અમે પણ, યુગપદ નહિ પણ ક્રમે ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષવાળા શ્રુતજ્ઞાન વડે એટલે કે જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું છે તેના વડે અનાદિનિધન–નિષ્કારણ–અસાધારણ –સ્વસંવેદ્યમાન ત્રિકાળી ચૈતન્ય સામાન્ય જેનો મહિમા છે તથા દર્શકજ્ઞાયક સ્વભાવ વડે કેવળ શુદ્ધ છે એવા ચૈતન્યસામાન્યને અનુભવીએ છીએ તેથી શ્રુતકેવળી છીએ. આહાહા! મુનિરાજ કહે છે કે કેવળીએ કેવળજ્ઞાન વડે જેવો ચૈતન્યસામાન્ય અનુભવ્યો એવો ચૈતન્યસામાન્ય ભાવશ્રુતજ્ઞાન વડે અમે પણ અનુભવીએ છીએ, તેથી શ્રુતકેવળી છીએ. માટે વિશેષ જાણવાની આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ. જેવો આત્મા કેવળી ભગવાને જાણ્યો ને અનુભવ્યો એવો જ આત્મા અમે ભાવશ્રુતજ્ઞાન દ્વારા જાણ્યો ને અનુભવ્યો છે ને તેમાં ઠરીએ છીએ માટે વિશેષ જાણવાની આકાંક્ષાથી બસ થાઓ. અમે અમારા ઘરમાં જ–સ્વરૂપમાં જ રહીએ છીએ.

અહીં કહે છે કે ભગવાન સર્વ પદાર્થને જાણે છે માટે તેઓ કેવળી કહેવાતા નથી, પરંતુ શુદ્ધ આત્માને જાણતા–અનુભવતા હોવાથી તેઓ કેવળી કહેવાય છે. કેવળ અર્થાત્ એક શુદ્ધ આત્માને જાણે છે માટે કેવળી. તે પ્રમાણે કેવળ અર્થાત્ અનંત ગુણનો પિંડ, એક શુદ્ધ આત્મા તેને શ્રુતજ્ઞાની જાણે છે માટે તેને શ્રુતકેવળી કહે છે. રાગ વિનાનું જે ભાવશ્રુતજ્ઞાન તેના વડે કેવળ એક શુદ્ધ આત્માને જ્ઞેય બનાવીને શ્રુતજ્ઞાની જાણે છે માટે તેને શ્રુતકેવળી કહેવાય છે.

કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત કેટલો ?–કે કેવળી પરમાત્મા, સમસ્ત ચૈતન્ય–વિશેષો પૂરણ એકીસાથે પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે આત્માને જાણે–અનુભવે છે અને શ્રુતકેવળી, ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે–અનુભવે છે. કેવળી તેના સમસ્ત ચૈતન્યવિશેષો પરિપૂર્ણ એકીસાથે પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે આત્માને જાણે છે ને શ્રુતકેવળી કેટલાક ચૈતન્યવિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે છે. પરંતુ કેવળી ને શ્રુતકેવળી

જાણે છે તો આત્માને, કેવળી પોતાના પૂરણ ચૈતન્યવિશેષો વડે સ્વજ્ઞેયને જાણે છે ને શ્રુતકેવળી–ધર્મી–સમ્યગ્દ્રષ્ટિ કેટલાક ચૈતન્યવિશેષો વડે સ્વજ્ઞેયને જાણે છે.

જેમ કેવળી એક સમયમાં સમસ્ત ચૈતન્યપરિણતિ દ્વારા કેવળ આત્માને જાણે છે તેમ શ્રુતજ્ઞાની કેટલીક ચૈતન્યપરિણતિ દ્વારા કેવળ આત્માને જાણે છે. દયા–દાન આદિ રાગનું અહીં કામ નથી. આહાહા! આત્મા જાણવામાં ફેર નથી પણ બન્નેની જાણવાની અવસ્થામાં ફેર છે. કેટલો ફેર છે?–કે ફેર આટલો છે કે કેવળી સમસ્ત વિશેષો દ્વારા એકીસાથે પરિણમતા એવા કેવળજ્ઞાન વડે આત્માને જાણે છે ને શ્રુતકેવળી ક્રમે પરિણમતા કેટલાક વિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે છે.

તે વાત દ્રષ્ટાંતથી સમજાવે છે.

કેવળી સૂર્ય સમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખે–અનુભવે છે ને શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે–અનુભવે છે એટલો બેમાં ફેર છે.

આ તો બહુ મોટો ફેર કહેવાયને? ક્યાં સૂર્ય ને ક્યાં દીવો! ભાઈ, એમ નથી. સૂર્ય ને દીવાના પ્રકાશમાં ફેર છે પણ તેના વડે જે વસ્તુને દેખે છે એ વસ્તુ દેખવામાં ફેર નથી એમ અહીં કહેવું છે. જેમ કે સૂર્ય વડે અમૃતકુંડ દેખે ને દીવા વડે અમૃતકુંડ દેખે તેમાં દેખવામાં ફેર નથી. તેમ કેવળી કેવળજ્ઞાન વડે આત્માને અનુભવે છે ને શ્રુતકેવળી ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને અનુભવે છે તેમાં અનુભવવામાં–જાણવામાં ફેર નથી.

જ્ઞાનની દશામાં ભલે ફેર હોય પણ જેને જાણે છે–આત્માને જાણે છે એમાં ફેર નથી. આહાહા! કેવળજ્ઞાની કહે છે કે અમે પૂરણ વિશેષો વડે ભલે આત્માને જાણીએ છીએ ને તને ભલે કેવળજ્ઞાન નથી પણ તું ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્ય–વિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે છો. તો તારામાં અને અમારામાં આત્માને જાણવામાં ફેર નથી ભાઈ!

કેવળી પરમાત્માને ને શ્રુતજ્ઞાનીને આત્માને અનુભવવામાં–જાણવામાં ફેર નથી પણ કેવળી પૂરણ આનંદમાં લીન છે ને શ્રુતકેવળીને પૂરણ સ્થિરતા થઈ નથી એટલે સ્થિરતાની તરતમતારૂપ ભેદ છે. મોક્ષમાર્ગ–પ્રકાશકમાં પણ કહ્યું છે કે કેવળીના સમકિતમાં ને તિર્યંચના સમકિતમાં ફેર નથી. તેમ અહીં કહે છે કે શ્રુતજ્ઞાનીમાં ને કેવળજ્ઞાનીમાં આત્માને જાણવામાં ફેર નથી, સ્થિરતામાં ફેર છે માટે વધારે જાણવાનો ક્ષોભ મટાડીને સ્વરૂપમાં સ્થિરતા વિશેષ કર. કેમ કે કેવળજ્ઞાનપ્રાપ્તિનો એ જ ઉપાય છે.

# શ્રુતથી નિરપેક્ષ શ્રુતજ્ઞાન

**નીચલી દશામાં ભલે કેવળજ્ઞાન નથી છતાં કેવળી જેમ કેવળજ્ઞાન વડે અખંડ એક શુદ્ધ આત્માને અનુભવે છે તેમ શ્રુતજ્ઞાની ભાવશ્રુતજ્ઞાન વડે અખંડ એક શુદ્ધ આત્માને અનુભવે છે ને એ આત્મ-અનુભવનમાં બન્નેમાં તફાવત નથી, પણ શ્રુતજ્ઞાનમાં શ્રુતની ઉપાધિકૃત ભેદ તો છે ને ?-કે ના, શ્રુત શબ્દ હોવા છતાં શ્રુત અર્થાત્ સૂત્ર એટલે કે ભગવાન દ્વારા ઉપદેષ્ટિ શબ્દબ્રહ્મથી નિરપેક્ષ શ્રુતજ્ઞાન છે. ભગવાનની વાણી સાંભળવાથી પોતાના ઉપાદાનથી થયેલું જ્ઞાન એ પણ પરલક્ષી જ્ઞાન છે, તેના વડે આત્માને જાણી શકાય નહિ. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે ત્રિકાળી ચૈતન્ય ધ્રુવધાતુને તું જાણ; અને સ્વલક્ષી જ્ઞાન વડે જ્યારે એ આત્માને જાણ્યો ત્યારે કેવળીની આત્મ-અનુભવરૂપ જ્ઞપ્તિમાં ને શ્રુતજ્ઞાનીની જ્ઞપ્તિમાં તફાવત નથી માટે ભાવશ્રુતજ્ઞાનને શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી.**

[ શ્રી પ્રવચનસાર ગાથા ૩૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

નીચલી દશામાં ભલે કેવળજ્ઞાન નથી પણ ભાવશ્રુતજ્ઞાન છે. એ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને જાણે છે તેથી તેને શ્રુતકેવળી કહે છે. શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે પણ એ શ્રુતની ઉપાધિ જ્ઞાનને નથી. શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાનથી આત્માને જાણે છે પણ શ્રુત શબ્દ હોવા છતાં વીતરાગની વાણીથી કે શાસ્ત્રોથી આત્માને જાણે છે એમ નથી. ભગવાનની વાણી સાંભળવાથી આત્માને જાણ્યો એમ નથી એટલે કે ભગવાનની વાણી સાંભળવાથી સૂત્રનું જે જ્ઞાન થયું એ જ્ઞાનથી આત્માને જાણતો નથી, કેમ કે એ તો પરલક્ષી જ્ઞાન છે.

જ્ઞાન ને આનંદથી ભરેલો શાશ્વત પ્રભુ છે તેને શ્રુતજ્ઞાન વડે જાણે છે પણ એ શ્રુત શબ્દ કહેતા ભગવાનની વાણીથી કે શાસ્ત્રજ્ઞાનથી–બહિર્લક્ષી જ્ઞાનથી જાણતો નથી. પોતે વર્તમાન ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતર્મુખ વળે છે ત્યારે આત્માને જાણે છે. એ વાત અહીં સમજાવે છેઃ–

પુદ્ગલસ્વરૂપ વચનોથી જિન–ઉપદિષ્ટ જે તે સૂત્ર છે;
છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.

શ્રુત એટલે સૂત્ર અને સૂત્ર એટલે સર્વજ્ઞ પરમાત્માએ પોતે ત્રિકાળી આત્માને જાણીને ઉપદેશેલું શબ્દબ્રહ્મ કે જેનું ચિહ્ન સ્યાત્ છે અર્થાત્ શ્રુત એટલે જિનેન્દ્રદેવે સ્યાદ્વાદ કથનથી ઉપદિષ્ટ પૌદ્ગલિક શબ્દબ્રહ્મ. સર્વજ્ઞ પરમાત્માની દિવ્ય ધ્વનિ છૂટે પણ એ પૌદ્ગલિક ક્રિયા છે. એ વાણીનું જ્ઞાન થયું ક્યારે કહેવાય ?–કે સ્વને જાણે ત્યારે. કેમ કે એ વાણીમાં સ્વને જાણ–એમ કહેવામાં આવ્યું હતું. તેથી પોતે પોતાથી પોતાનું જ્ઞાન કર્યું ત્યારે શ્રુત–ઉપાધિ દૂર થઈ ગઈ.

શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા તે જ્ઞાન છે.–એટલે ?–કે શબ્દબ્રહ્મમાં જે કહ્યું હતું કે તું તને જાણે–તે પ્રમાણે પોતે પોતાથી પોતાનું જ્ઞાન કર્યું ત્યારે શ્રુતની ઉપાધિ દૂર થઈ. સંતો કહે છે કે પ્રભુ! અમને જે જ્ઞાન થયું તે વાણીથી થયું નથી. વાણીના નિમિત્તે થયેલું જ્ઞાન એ આત્મજ્ઞાન નથી. આહાહા! દિગમ્બર સંતોની વાણી તો જુઓ! શ્રુતજ્ઞાનથી આત્માને જાણ્યો એટલે શ્રુત અર્થાત્ સાંભળવાથી થયેલા પરલક્ષી જ્ઞાનથી આત્માને જાણ્યો છે એમ નથી. ભગવાનની વાણી સાંભળીને થયેલું જ્ઞાન એ પણ ઉપાધિવાળું છે, એને છોડીને જેણે આત્માનું જ્ઞાન કર્યું તેને શ્રુતની જ્ઞપ્તિ–જ્ઞાન કહે છે. શાસ્ત્રનું જ્ઞાન ને વાણીનું જ્ઞાન થયું તેને પણ જાણનારું સ્વનું જ્ઞાન તે શ્રુતની જ્ઞપ્તિ છે. શબ્દબ્રહ્મના જ્ઞાનથી ભિન્ન સ્વનું જે જ્ઞાન તે જ્ઞાન છે. સૂત્રના જ્ઞાનને જ્ઞાન કહેવું તે, જેમ 'અન્ન એ પ્રાણ છે' એમ કહેવાય છે તેમ, ઉપચારથી કહેવાય છે. આમ હોવાથી 'શ્રુતની જ્ઞપ્તિ' તે શ્રુતજ્ઞાન છે.

માટે જો સૂત્રને ન ગણીયે તો જ્ઞપ્તિ જ બાકી રહે. ભગવાનની વાણી એ સૂત્ર છે, પુદ્ગલની દશા છે. એને સાંભળવાથી પોતાની જે જ્ઞાનની પર્યાય થાય એ પરલક્ષી ઉપાધિરૂપ છે. અહીં તો પોતાને જાણવાની જે ક્રિયા થાય એ જ્ઞપ્તિ છે અને કેવળી તથા શ્રુતકેવળીને આત્મ–અનુભવનમાં જ્ઞપ્તિ સમાન છે એમ કહે છે.

ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા જણાય, એ ભાવશ્રુતજ્ઞાન શાસ્ત્રજ્ઞાનથી ભિન્ન છે. ભગવાનની વાણી સાંભળીને પોતાના ઉપાદાનથી જ્ઞાન થાય એનાથી પણ ભગવાન ન જણાય, કેમ કે એ પણ પરલક્ષી ઉપાધિભાવ છે. તેનાથી ભિન્ન જે જ્ઞપ્તિ ક્રિયા–જાણવાની ક્રિયા–ભાવશ્રુતજ્ઞાન તેનાથી આત્મા જણાય. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માને જાણવાની જે જ્ઞપ્તિ ક્રિયા તેનાથી આત્મા જણાય છે. કેવળી કેવળજ્ઞાનથી આત્માને જાણે છે ને શ્રુતજ્ઞાની

[ અનુસંધાન પાનું ૨૩ ]

# ત્રિકાળી આત્મદ્રવ્યને ગ્રહણ કર

**દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી. આત્મદ્રવ્યમાં ઘણું પડયું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દ્રષ્ટિ ખસતી નથી. જો પર્યાયમાં રોકાય, પર્યાયમાં ચોંટી જાય, તો મિથ્યાત્વમાં આવી જાય. ૩૩૭.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

દ્રવ્યને ગ્રહણ કરતાં–એટલે શું ?–કે આત્મામાં દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણ છે. શરીર વાણી ને મન તો જડ છે ને પુણ્ય–પાપના ભાવ થાય તે અચેતન છે. સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણાનંદના નાથ ત્રિકાળી ધ્રુવને દ્રવ્ય કહે છે. આનંદ, જ્ઞાન આદિ અનંત શક્તિને ગુણ કહે છે ને તેની અવસ્થાને પર્યાય કહે છે. તેમાં દ્રવ્ય જે ત્રિકાળી ધ્રુવ છે તેને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે છે.

દ્રવ્યને જ્ઞાનમાં ગ્રહણ કરતાં, વસ્તુને શ્રદ્ધામાં લેતા, એક સમયની પર્યાયથી ભિન્ન અને ગુણ–ગુણીનો ભેદ જેમાં નથી એ દ્રવ્યની દ્રષ્ટિ કરતાં શુદ્ધતા પ્રગટે છે. ધર્મીની દ્રષ્ટિ આત્માની વર્તમાન દશા ઉપર પણ નથી કે ગુણ–ગુણીના ભેદ ઉપર પણ નથી. ત્રિકાળ રહેનાર ભગવાન આત્માને ગ્રહણ કરતાં એટલે કે દ્રષ્ટિમાં તેને ગ્રહણ કરતાં, જ્ઞાનમાં ગ્રહણ કરતાં, પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે.

જ્ઞાનની વર્તમાન દશા દ્રવ્ય તરફ ઢળે ત્યારે શુદ્ધતા અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટે. ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી ધ્રુવને દ્રવ્ય કહે છે. એ ત્રિકાળી વસ્તુને ગ્રહણ કરતાં સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટે. પર્યાયને ગ્રહણ ન કરતાં, જ્ઞાનની પર્યાય દ્રવ્યને ગ્રહણ કરે તે સમ્યગ્દ્રષ્ટિ છે. શરીર–વાણીને તો ગ્રહણ કર્યા જ નથી, એક સમયની અવસ્થાને ને પુણ્ય–પાપના ભાવને ગ્રહણ કર્યા છે હવે એ એક સમયની જ્ઞાનપર્યાય ત્રિકાળીને ગ્રહણ કરે ત્યારે સમ્યગ્દર્શન પ્રગટે.

દ્રવ્ય કહો, ધ્રુવ કહો, સામાન્ય કહો કે જેમાં પરિણમન પણ નથી એ ત્રિકાળી

જ્ઞાયકને પકડતાં પુણ્ય–પાપરૂપી મેલ ન પ્રગટે પણ શુદ્ધતા પ્રગટે છે. જે ત્રિકાળી વસ્તુ છે તેમાં રાગ પણ નથી ને એક સમયની પર્યાય પણ નથી એવા ધર્મીને પકડતાં ધર્મ એવું સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટે છે, શાસ્ત્રના ભણતરથી સમ્યગ્દર્શન ન પ્રગટે. અનાદિથી એક સમયની પર્યાયને પકડી છે તે મિથ્યાદ્રષ્ટિ છે. પણ ત્રિકાળી એકરૂપ ભાવને પકડતાં શુદ્ધતા પ્રગટે છે ને તેમાં વિશેષ એકાગ્રતા થતાં ચારિત્રદશા પ્રગટે છે.

જ્ઞાની એને કહીયે કે જે ત્રિકાળી જ્ઞાયકને પકડે ને તેની પર્યાયમાં વીતરાગતા પ્રગટી છે છતાં પર્યાયમાં રોકાતો નથી, તેની દ્રષ્ટિ તો ત્રિકાળી ધ્રુવ ઉપર જ પડી છે. ધર્મની દશા પ્રગટ થાય, નિર્મળ પર્યાય પ્રગટ થાય પણ જ્ઞાની એ પર્યાયમાં રોકાતા નથી. જે શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય છે તેને પકડતાં ધર્મીને જે નિર્મળતા પ્રગટે ત્યાં તે રોકાતા નથી, જ્ઞાનીની નજર પર્યાય પર નથી, એની નજર તો પૂર્ણાનંદના નાથ ઉપર પડી છે. ધર્મી જીવને જે ધર્મદશા પ્રગટી છે ત્યાં તે રોકાતો નથી, કેમ કે એ ધર્મદશામાંથી બીજી દશા પ્રગટતી નથી, શુદ્ધતાની પર્યાયમાંથી વિશેષ શુદ્ધતા પ્રગટતી નથી પણ ત્રિકાળીની દ્રષ્ટિથી શુદ્ધતાની નવી પર્યાય પ્રગટે છે.

આત્મદ્રવ્યમાં તો અંદર ઘણું પડયું છે, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત ઈશ્વરતા આદિ તારા દ્રવ્યસ્વભાવમાં ઘણું પડયું છે, ઘણું ભર્યું છે. અનંત અનંત લક્ષ્મી તારા નિજઘરમાં પડી છે. પણ હું પૈસાવાળો, પુત્રવાળો એમ માંગણ ભીખારી થઈને રખડે છે. ધર્મીની દ્રષ્ટિ એ આત્મદ્રવ્ય ઉપરથી ખસતી નથી. ધ્રુવમાં જેણે દ્રષ્ટિને બાંધી છે એવા જ્ઞાનીની દ્રષ્ટિ ત્યાંથી ખસતી નથી. જ્ઞાની ગમે તે પ્રસંગમાં દેખાય પણ ધ્રુવ ઉપર જે દ્રષ્ટિ પડી છે તે ખસતી નથી. જો ધર્મીની દ્રષ્ટિ વર્તમાન પર્યાયમાં રોકાય, પર્યાયમાં ચોંટી જાય તો મિથ્યાત્વમાં આવી જાય.

ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્યને પકડીને સમ્યગ્દર્શન–જ્ઞાન થાય, તેને પકડીને ચારિત્ર થાય, તેને પકડીને કેવળજ્ઞાન થાય. ધર્મીની દ્રષ્ટિ આત્મદ્રવ્ય ઉપરથી ખસતી નથી અને જો એ દ્રષ્ટિ ત્યાંથી ખસીને વર્તમાન પર્યાય ઉપર રોકાય, એક સમયની પર્યાયમાં ચોંટી જાય, પર્યાયની રુચિ થઈ જાય તો વસ્તુની દ્રષ્ટિ છૂટી જાય ને મિથ્યાદ્રષ્ટિ થઈ જાય, એક સમયની પર્યાયની જો મહિમા–મહત્તા થઈ જાય તો દ્રવ્યની દ્રષ્ટિ ખસી જાય, એક સમયની નિર્મળ પર્યાયની પણ રુચિ થઈ જાય તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય.

# અંદરમાં જ્ઞાયક આત્માને સાધ

**મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો ‘અંદરમાં જ્ઞાયક આત્માને સાધ’. આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેંદ્રસ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે. એ બધાંનો સંક્ષેપ ‘શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી’ તે છે. ૩૪૫.**

[ ‘બહેનશ્રીના વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

મોક્ષ એટલે જેટલી શક્તિઓ છે તેની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ. તેના માર્ગનું એટલે કે મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીયે તો અંદરમાં જ્ઞાયક આત્માને સાધ. રાગની કે નિમિત્તની તેમાં જરૂર નથી. જ્ઞાયકસ્વરૂપને સાધ એટલે કે દ્રવ્યસ્વરૂપમાં દ્રષ્ટિને સાધ. હું તો કૃતકૃત્ય પરિપૂર્ણ છું–એમ દ્રષ્ટિને તેમાં રોક, જ્ઞાયકસ્વરૂપને સાધ. જ્ઞાનસ્વરૂપી પ્રભુને સાધ. જ્યાં સુધી પર્યાય ઉપર દ્રષ્ટિ છે ત્યાં સુધી સાધ્યને સાધી શકતો નથી.

બાર અંગમાં કહેવું છે તો આ કે ભગવાન જ્ઞાયકમૂર્તિ પ્રભુને દ્રષ્ટિમાં લઈને સાધ. જ્ઞાયકને સાધતાં દ્રષ્ટિ–જ્ઞાન ને રમણતારૂપી મોક્ષમાર્ગ પ્રગટે છે. વ્યવહારરત્નત્રયના રાગથી મોક્ષમાર્ગ પ્રગટે છે તેમ નથી. જ્ઞાયકનો સ્વીકાર કર. સ્વીકાર કરનાર પર્યાય છે પણ તે એમ સ્વીકારે છે કે હું જ્ઞાયક છું. પરિપૂર્ણ કૃતકૃત્ય ભગવત્ સ્વરૂપ ભગવાન આત્માને સાધ. દ્રષ્ટિ ને દ્રષ્ટિનો વિષય એ તો સમજાવવાનું ભેદકથન છે. દ્રષ્ટિને દ્રવ્ય સન્મુખ વાળ. પર્યાયમાં ઊભો રહીને આ દ્રવ્ય છે એમ નહીં સાધી શકે. ધ્રુવસ્થંભ છે તેમાં નિર્વિકલ્પપણે અહમ્પણું કર.

પર્યાયમાં અગિયાર અંગનું જ્ઞાન થાય એ કાંઈ નવું નથી. પર્યાયમાં દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિનો વિકલ્પ આવે ને તેને જ્ઞાનની પર્યાય જાણે એ પર્યાયનું પણ લક્ષ કરવું નથી. જ્ઞાયક આત્માને સાધ. આ જ્ઞાયક છે માટે સાધું છું–એમ પણ ત્યાં વિકલ્પ નથી,

મોક્ષસ્વરૂપ છે તેના અવલંબે જે મોક્ષમાર્ગ પ્રગટ થાય તેણે જ્ઞાયકને સાધ્યો એમ કહેવાય. આ ટૂંકામાં કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે. કેમકે વસ્તુમાં અનંતા ભાવો ભર્યા છે. અનંત અનંત બેહદ ગુણોથી ભરેલો ભગવાન આત્મા છે.

સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ સુધી ચર્ચા કરે તોપણ પાર ન આવે. જેને નથી ખાવું, નથી પીવું, નથી સ્ત્રી–પુત્ર કે નથી ધંધા એવા નિવૃત્તિમય જીવનવાળા સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ સુધી ધર્મચર્ચા કરે તોપણ પાર આવે એવું નથી. તેત્રીસ સાગરોપમ સુધી ભગવાન આત્મા ને તેના અનંતા ગુણોની ધર્મચર્ચારૂપ શુભભાવોથી ન્યારો જ્ઞાયક છે. માટે એકરૂપ જ્ઞાયકનો આશ્રય કરવો.

શુભભાવોથી પાર એકરૂપ જ્ઞાયકભાવનો આશ્રય કરવો. જ્ઞાયકરૂપ પરિણતિ કરવી. જોકે દ્રવ્ય એ પરિણતિ કરતું નથી પણ જ્ઞાયકના આશ્રયે એ પરિણતિ થાય છે. એ પરિણતિ કરું એવું પણ ત્યાં નથી. જ્ઞાયક સ્વભાવની સન્મુખતા થતાં અથવા જ્ઞાયક છે તેટલો જ હું છું–એમ દ્રષ્ટિ થતાં તેને જ્ઞાયકની પરિણતિ થાય એ જ સાર છે, એ જ કર્તવ્ય છે.

[ શ્રુતથી નિરપેક્ષ.......... પાનું ૧૯ થી ચાલુ ]

ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણે છે. એ જાણવાની ક્રિયારૂપ જ્ઞપ્તિ બન્નેને તુલ્ય જ છે.

કેવળી કેવળજ્ઞાનથી આત્માને જાણે ને નીચલી ભૂમિકાવાળો ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણે પણ આત્માને જાણવારૂપ જ્ઞપ્તિ બન્નેને સમાન જ છે. કેવળી પૂરણ નિરાવરણ છે ને નીચલી દશાવાળાને તો આવરણ છે પણ આત્માને જાણવામાં બન્ને સમાન છે, ભલે પર્યાયમાં ફેર છે.

ભગવાનની વાણીથી નહિ, તેના નિમિત્તે થયેલું પરલક્ષી જ્ઞાન તેનાથી પણ નહિ પરંતુ સ્વલક્ષી જે ભાવશ્રુતજ્ઞાન તેનાથી આત્મા જણાય છે. જે જ્ઞાન વડે આત્મા જણાય એ ભાવશ્રુતજ્ઞાન પરની અપેક્ષા વિનાનું છે. સૂત્ર પણ વધારાનું છે તેમ સૂત્રથી થયેલું જ્ઞાન પણ વધારાનું છે એટલે કે તેમની અપેક્ષા ભાવશ્રુતજ્ઞાનને નથી. એવા ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણે કે કેવળજ્ઞાનથી આત્માને જાણે પણ એ જાણવામાં –અનુભવનમાં ફેર નથી. માટે જ્ઞાનમાં શ્રુત–ઉપાધિકૃત ભેદ નથી. શ્રુતજ્ઞાન કહ્યું માટે તેમાં શ્રુત–ઉપાધિકૃત ભેદ છે એમ નથી.

[ પ્રભુપણે અમે........પાનું ૨ થી ચાલુ ]

અડતો નથી. ત્રીજી નરકના નારકીનાં શરીરનું પોટલું વાળીને પરમાધામીઓ લોઢાના ઘણ મારે એવા સમયે પણ સહજતત્ત્વને તે અડતા નથી. અરે! એવા સમયે કોઈ જીવ ગુલાંટ મારીને અંતર્મુખ થાય તો સમ્યગ્દર્શન પામી જાય છે.

એ સહજતત્ત્વને તરવાર છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, તેમ જ રાગ–દ્વેષ તેને વિકારી કરતા નથી, એવું સહજતત્ત્વ તે સમ્યગ્દર્શનનો વિષય છે. અશુદ્ધ અવસ્થા વખતે દ્રવ્યસ્વભાવ કદી અશુદ્ધ થતું જ નથી. પંચ–મહાવ્રતના પરિણામ છે તે ત્રિકાળી–તત્ત્વને અડયા જ નથી. પ્રભુ! તારી પ્રભુતાની તને ખબર નથી. પર્યાયમાં જે પ્રભુતા પ્રગટે છે તેનો પણ તું પ્રભુ છો.

સમ્યગ્દર્શન એટલે? જેવું ને જેવડું તત્ત્વ છે તેની તેવી પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. મહા અસ્તિત્વરૂપ મોજૂદ ચીજ છે તે અનંતકાળ ગયો ને અનંતા ભવ થયા છતાં એવી ને એવી જ તે ચીજ છે. વાહ તત્ત્વ! ગમે તેવા પરિણામ થયાં છતાં વસ્તુમાં વિભ્રમતા કે ઊણપતા આવી નથી. મહા ગ્રહીત મિથ્યાત્વના પરિણામ થયા છતાં જે વસ્તુ છે તેમાં કાંઈ મેલપ–મલિનતા આવી નથી. સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે.

નાસ્તિકના પરિણામ થયા છતાં તે અંદર વસ્તુને અડયા નથી. જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે...તું જ્યારે જોવા માગે ત્યારે તેવો ને તેવો અંદર મોજૂદ છે. ગમે તેટલો રાગ–દ્વેષ થયો પણ તેમાં મેલપ આવી નથી. સહજતત્ત્વરૂપ ભગવાન આત્માને કોઈ ઓળખે કે ન ઓળખે, એ તો સદા એવું ને એવું જ રહેવાનું છે. મહાતીવ્ર મિથ્યાત્વની પર્યાય હો તોપણ સહજતત્ત્વ તો એવું ને એવું રહે છે. અરે! એ તીવ્ર મિથ્યાત્વની પર્યાયનો વ્યય થઈને અંદરમાં જાય છે! તીવ્ર મિથ્યાત્વરૂપે અંદર જતી નથી પણ અંદર પારિણામિકભાવે જાય છે, છતાં વસ્તુ તો એવી ને એવી રહી છે.

મુનિના ને સમ્યગ્દ્રષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં એ સહજતત્ત્વ નિરંતર બિરાજમાન છે.–એમ સહજતત્ત્વના ભાવભાસનનો પુરુષાર્થ કર.

* ગતાંકમાં જાહેર કરેલ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ પ્રવાસ ક્રમમાં મુંબઈના ૧૫ ને બદલે ૧૬ દિવસ રાખવામાં આવેલ છે અર્થાત્ ચૈત્ર વદ ૨ થી વૈશાખ સુદ ૩, શનિ થી રવિ, ૧૪ એપ્રિલથી ૨૯ એપ્રિલ સુધી ૧૬ દિવસ મુંબઈમાં પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ મળશે.

જિનવરસ્વામીનો ઉપદેશઃ

## શાશ્વત સુખને પામવા અપૂર્વ શુદ્ધ સમ્યક્ પરિણતિ કર

**કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી-જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ. જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહીં, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે. અનાદિકાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીતના પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું-શુભાશુભ ભાવનું-પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી. અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે. જો શુભ ભાવથી મુક્તિ થતી હોત, તો તો ક્યારની થઈ ગઈ હોત! હવે, જો પૂર્વે અનંતવાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે -જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે. ૩૬૫.**

[ ‘બહેનશ્રીના વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યા નથી. એક તો જિનરાજ–સ્વામી ને બીજું સમ્યક્ત્વ. જિનરાજસ્વામી અનંતવાર મળ્યા પણ તેને ઓળખ્યા નથી. શાસ્ત્રના જાણપણામાં જિનરાજનું જાણવું આવ્યું પણ એ ધારણામાં આવ્યું, જિનરાજ સમાન હું છું એમ જાણ્યું નથી.

અનાદિકાળથી જીવ અંદરમાં જતો નથી. પર્યાયમાં જ તેની અનાદિની રમત છે. નિજ ૠદ્ધિ ભરેલા ચૈતન્યલોકને અવલોક્યો નથી. તેથી અપૂર્વ નવીનતા પ્રાપ્ત કરતો નથી. શુભાશુભ ભાવનું જ અનાદિથી પિષ્ટપેષણ કર્યા જ કરે છે. શુભાશુભ ભાવ કર્યા ને કરું–એમ પિષ્ટપેષણ કર્યા કરે છે, એનું એ જ કાર્ય કરે છે. હિંસા–જૂઠું આદિ પરિણામ છોડયા તો દયા–દાન આદિના ભાવ કર્યા. એમ અશુભમાંથી શુભમાં ને શુભમાંથી અશુભમાં આવે છે.


જો શુભભાવથી મુક્તિ થતી હોય તો મુક્તિ ક્યારની થઈ ગઈ હોત! કેમ કે શુભભાવ અનંતવાર થયો છે. અનંતા પુદ્ગલ પરાવર્તન નવમી ગ્રૈવેકના કર્યા. એવા શુભભાવ કર્યા કે એવો શુભભાવ અત્યારે છે નહીં. જો શુભથી મુક્તિ થતી હોત તો એવા શુભભાવથી ક્યારની મુક્તિ થઈ ગઈ હોત!

માટે શુભભાવનો વિશ્વાસ છોડી દે. શુભભાવનો વિશ્વાસ છોડીને સ્વભાવના આશ્રયે અપૂર્વ એવા પરિણામ કર–જિનવરસ્વામીનો એ ઉપદેશ છે. વસ્તુમાં ને ગુણમાં તો શુદ્ધતા છે પણ પર્યાયમાં જે શુભાશુભ ભાવ છે તેને છોડીને વસ્તુના આશ્રયે સમ્યક્ પરિણતિ કરવાનો જિનરાજનો ઉપદેશ છે.

પાંચેક ગાઉ ચાલે તો થાક ખાવા વિસામો લે ને! આ તો અનંતા અનંતા ભવ કર્યા છતાં થાક લાગ્યો નથી! સર્વજ્ઞદેવ કહે છે કે તું સ્વભાવમાં વિસામો લે, તારો થાક ઊતરી જશે. શુદ્ધ ચૈતન્ય ભગવાનના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી એ અપૂર્વ છે. એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે. માટે બહારની હરખુના–હોશુંના સબડકા છોડી દે, એ ભ્રાંતિ છોડી દે ને જિનવરદેવે ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કર તો તું જરૂર શાશ્વત સુખને પામીશ.

## ❀ જ્ઞપ્તિ વડે આત્માને જાણ ❀

ભગવાનની વાણી એ શ્રુત છે–શાસ્ત્ર છે. શાસ્ત્ર પૌદ્ગલિક છે તેથી તે જ્ઞાન નથી, ઉપાધિ છે અને એ શ્રુતથી થતું જ્ઞાન એ પણ ઉપાધિ છે. કેમ કે તે શ્રુતના લક્ષવાળું જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન સ્વને જાણી શકતું નથી. માટે તેને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. જેમ સૂત્ર–શાસ્ત્ર તે જ્ઞાન નથી, વધારાની ચીજ છે–ઉપાધિ છે તેમ એ શ્રુતથી થયેલ જ્ઞાન પણ વધારાની ચીજ છે–ઉપાધિ છે. આહાહા! શું વીતરાગની શૈલી છે! પરલક્ષી જ્ઞાનને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. સ્વજ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાથી આત્મા જણાય છે, ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી.




પ્રશ્નઃ– વિકલ્પો અમારો પીછો નથી છોડતા !

ઉત્તરઃ– વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું પરમાનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન છો તેને જોતો નથી તેથી વિકલ્પો તને વળગ્યા લાગે છે. તું તારા ભગવાનને ભ્રમથી ભૂલીને વિકલ્પને વળગ્યો છો, તું ખસી જા ને ! તું વિકલ્પનું લક્ષ છોડી તારા ભગવાનનું લક્ષ કર તો વિકલ્પો તને વળગેલા લાગશે નહિ. વિકલ્પમાં ક્યાંય સુખ શાંતિ નથી, જ્યાં સુખ શાંતિ ભરી છે ત્યાં જા ! સુખ શાંતિનો ભંડાર એવા ભગવાનને વળગ. તારી અંદરમાં પૂર્ણ સુખ શાંતિ ભર્યા છે. વિકલ્પ તો બહાર છે તેમાં ક્યાંય સુખ શાંતિ નથી. તારી અંદર વિકલ્પ વિનાની ચીજ છે તેમાં સુખ શાંતિ ભર્યા છે તેનું લક્ષ ને પ્રતીતિ કરીને વિકલ્પથી પ્રથમ ભેદજ્ઞાન કર, સ્થિરતા અનુસાર ક્રમે વિકલ્પો છૂટશે.

પ્રશ્નઃ– આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતાં કાંઈક સહેલો રસ્તો બતાવો ને ?

ઉત્તરઃ– આત્મજ્ઞાન માટે ઘણા શાસ્ત્રો ભણવાની ક્યાં વાત છે ? તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખ વાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વ સન્મુખ થા ! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. આ ટૂંકુ ને ટચ છે.

* દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, તેને પરની અપેક્ષા જ નથી. રાગનો કર્તા તો આત્મા નથી પણ રાગનું જ્ઞાન કહેવું તે પણ વ્યવહાર છે અને તે જ્ઞાન પરિણામને આત્મા કરે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. જે સત્ છે તેને પરની અપેક્ષા જ નથી. જ્ઞાન પરિણામનો કર્તા

આત્મા છે એ વ્યવહારથી છે. આવી સૂક્ષ્મ વસ્તુ છે.

પ્રશ્નઃ– આપ બહુ સૂક્ષ્મતામાં ને બહુ ઊંડાણમાં લઈ જાવ છો ?

ઉત્તરઃ– વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર ઉપર છે અને દ્રવ્ય ઊંડું...ઊંડું... ઊંડું છે. અનંત...અનંત...અનંત...ઊંડપ છે. ક્ષેત્રથી નહિ પણ ભાવથી અનંત... અનંત...અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે. ત્યાં જ્ઞાનપર્યાયને ધીરજથી લઈ જતાં ભગવાનનો ભેટો થાય છે.

* ભગવાન કેવળી કેવળજ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને અનુભવતા હોવાથી કેવળી છે તેમ, આચાર્યદેવ કહે છે કે અમે પણ શ્રુતજ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને અનુભવતા હોવાથી શ્રુત કેવળી છીએ. માટે વિશેષ જાણવાની આકાંક્ષાથી બસ થાઓ ! સ્વરૂપ નિશ્ચળ જ રહીએ છીએ. આહાહા ! જુઓ મુનિઓ પોતાની દશાની વાત કરે છે કે કેવળીની જેમ અમે પણ કેવળ શુદ્ધ આત્માને અનુભવતા હોવાથી શ્રુત કેવળી છીએ. જેમ અમૃતકુંડને કોઈ સૂર્યના પ્રકાશથી દેખે અને બીજો દીવાના પ્રકાશથી દેખે એ દેખાતી વસ્તુમાં ફેર નથી તેમ કેવળી કેવળજ્ઞાન સૂર્ય વડે અમૃતકુંભ આત્માને દેખે છે અને શ્રુતકેવળી દીપક સમાન શ્રુતજ્ઞાન વડે અમૃતકુંભ આત્માને દેખે છે. સૂર્ય અને દીપકના પ્રકાશમાં ફેર છે પણ તે વડે દેખાતી વસ્તુમાં ફેર નથી. એમ કહીને કેવળી સાથે સમાનતા કરી છે.

* પરમાણુમાં રંગગુણ ત્રિકાળી છે. તેની પર્યાય પહેલાં સમયે કાળી હોય તે બદલીને બીજા સમયે લાલ, સફેદ, પીળી થઈ જાય તેનું કારણ કોણ ? જો રંગગુણ કારણ હોય તો રંગગુણ તો કાયમ છે છતાં પરિણમનમાં આમ વિચિત્રતા કેમ ? ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા ! પર્યાયની સ્વતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે.

* આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ છે, તેની પ્રભુતાનો પ્રકાશ કરોડો સૂર્યના પ્રકાશ કરતાં પણ અનંતગુણો છે, જેની શીતળતા કરોડો ચંદ્રની શીતળતા કરતાં પણ અનંતગુણી છે, જેની ગંભીરતા કરોડો સાગરોની ગંભીરતા કરતા પણ અનંતગુણી છે, જેના ગુણો આકાશના અનંતાનંત પ્રદેશો કરતાં પણ અનંતા છે–એવા આશ્ચર્યકારી આત્માના સ્વભાવની શી વાત ! આવા સામર્થ્યવાન આત્માનું ભાન કરે તો ચાર ગતિમાં રખડવાનું ટળે.

પ્રશ્નઃ– શુભ રાગને જ્ઞાની હેય માને છે તો ષોડશકારણભાવનાને તો ભાવે છે?

ઉત્તરઃ– જ્ઞાની ષોડશકારણભાવના ભાવતા નથી પણ તે પ્રકારનો રાગ આવી જાય છે. જ્ઞાનીને ભાવના તો સ્વરૂપમાં ઠરવાની જ હોય છે, પણ સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યારે હેયબુદ્ધિએ શુભ–રાગ આવી જાય છે. જ્ઞાની તેના જાણનાર છે કર્તા નથી.

* અંગુલના અસંખ્યાતમાં ભાગમાં અનંતા નિગોદના જીવ છે. નિગોદના એક એક જીવને અનંતા કાર્મણ ને તેજસ વર્ગણાના પરમાણુ છે અને નિગોદના જીવ આખા લોકમાં ભરેલ છે. તે અનંતા જીવોને, અનંતાનંત પરમાણુઓ અને તેની અનંત ગુણી પર્યાયોને કેવળી એક સમયમાં જાણી લે છે. આહાહા! કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની તાકાત કેટલી! અને એવી તાકાતવાળી અનંતી પર્યાયો એક જ્ઞાનગુણની છે–એમ દર્શન, સુખ, વીર્ય, આદિ અનંતા ગુણોની અનંતાનંત પર્યાયોની તાકાત કેટલી! આહાહા! આવી વસ્તુ વીતરાગ સર્વજ્ઞ વિના છે ક્યાં? આવી તાકાતવાળી વસ્તુની પ્રતીત શ્રદ્ધાની પર્યાય કરે ને એના બળે કેવળજ્ઞાન થાય એ પ્રતીતની તાકાત કેટલી? આહાહા! કેવળી ભગવાને કહેલું તત્ત્વ બહુ સૂક્ષ્મ છે.

* પાપને પાપ તો જગતમાં સૌ કહે છે પણ અનુભવી–જ્ઞાનીજન તો પુણ્યને પણ પાપ કહે છે. હિંસા, જૂઠું, ચોરી, આદિને તો જગત પાપ માને છે પણ દયા, દાન, પુજા, ભક્તિ આદિના શુભ–રાગને જ્ઞાનીજનો પાપ કહે છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત થઈને શુભરાગ ઊઠે છે તેથી તે પણ પાપ છે. શુભરાગમાં સ્વની હિંસા થાય છે તેથી પ્રવચનસાર ગાથા ૭૭ માં કહ્યું છે કે પુણ્ય–પાપમાં જે ભેદ માને છે–તફાવત માને છે તે મિથ્યાદ્રષ્ટિ ઘોર સંસારમાં રખડશે. આહાહા! આવી વાતો તો જેને અંતરમાં ભવનો ભય લાગ્યો હોય ને ભયથી છૂટવું હોય એને બેસે એવી છે.

* ભાઈ! આ વીતરાગે કહેલાં તત્ત્વની વાતો બહુ ઝીણી ને અપૂર્વ છે. જે પુણ્ય–પાપના ભાવો છે, રાગ–દ્વેષ છે, દયા દાન ભક્તિ કામ ક્રોધાદિના ભાવો છે –એ બધા પુદ્ગલના પરિણામ છે. આહાહા! પ્રભુ! તારી દશામાં થતાં દયા દાન કામ ક્રોધાદિના શુભાશુભ ભાવો તે તારા નહિ, પણ પુદ્ગલના પરિણામ છે. તું તો આનંદસ્વરૂપ શાંતિનો સાગર છો. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે છે તે દયા દાન કામ ક્રોધ રૂપે કેમ પરિણમે? ભાઈ તારું ઘર તો

જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેમાં ઠરવું એ તારી ચીજ છે. તું રાગદ્વેષ સુખ દુઃખરૂપે કેમ પરિણમે ? એ તો પુદ્‌ગલ કર્મનો સ્વાદ છે, એ તારો સ્વાદ નથી. જેમ જળ અને અગ્નિની શીત–ઉષ્ણ પર્યાય છે તે પુદ્‌ગલની છે, પુદ્‌ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ–જ્ઞાન તે આત્માની પર્યાય છે. તેમ રાગદ્વેષ સુખ દુઃખ પરિણામ થાય છે તે પુદ્‌ગલની પર્યાય છે, પુદ્‌ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ–જ્ઞાન તે આત્માની પર્યાય છે. જેમ શીત–ઉષ્ણ અવસ્થારૂપે આત્માને પરિણમવું અશક્ય છે તેમ રાગ–દ્વેષ, સુખ–દુઃખરૂપે આત્માને પરિણમવું અશક્ય છે. જેણે શુભ–અશુભની કલ્પનાથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માને અનુભવ્યો છે તે જ્ઞાનીને શુભાશુભરૂપે થવું અશક્ય છે. ભલે હજુ અધુરી દશામાં રાગ આવશે પણ તેનો જાણનાર રહે છે. આહાહા ! અહીં રાગાદિ પરિણામને આત્માથી ભિન્ન પુદ્‌ગલ પરિણામ કહે છે ને જગત એ શુભરાગથી ધર્મ થવાનું માને છે ! વીતરાગ સર્વજ્ઞે કહેલું તત્ત્વ જગતને કઠણ પડે એવું છે. આવી વાતો તો જેના ભાગ્ય હોય તેને સાંભળવા મળે છે. અબજો રૂપિયા મળે તેને અહીં ભાગ્યશાળી કહેતા નથી. અલૌકિક વાતો છે.

* ભલે તીર્થ વંદના કરે, જિન દર્શન કરે, પણ નિજ ભગવાનના દર્શન ન થાય ત્યાં સુધી બધું થોથા છે. અરે ! શુભરાગના અને પર્યાયના દર્શન એ તો અનાદિના છે એમાં એણે નવું શું કર્યું ? ભગવાન આત્માના દર્શન થાય એ મૂળ વસ્તુ છે.

* આ ભાવ તો ભવનો ને ભ્રમણાનો અભાવ કરવા માટે છે. પૈસા કમાવા આદિમાં ભવ ગાળે એ તો સંસારમાં રખડનારો રખડાવ છે. અરે ! શુભ–રાગની ક્રિયાવાળો પણ રખડાવ છે.

* આહાહા ! આત્મવસ્તુ તે કોઈ વસ્તુ છે ! ચૌદ માર્ગણાસ્થાન કે ગુણસ્થાન જેમાં નથી, અરે ! જેમાં ક્ષાયિકભાવ પણ નથી એવી અનાદિ અનંત ધ્રુવ અનંત અનંત ગુણ સામર્થ્યથી ભરેલી આત્મવસ્તુના મહિમાની શું વાત !

* ભાઈ ! પદાર્થની સ્વતંત્રતાની વાત જાણવા માટે બહુ પુરુષાર્થ જોઈએ છે. ભિન્ન તત્ત્વને ભિન્ન તત્ત્વરૂપે જાણવું અને ભિન્ન તત્ત્વને બીજું ભિન્ન રહેલું તત્ત્વ કાંઈ જ કરી શકે નહિ એ વાતો બહુ ઝીણી છે. એને યથાર્થ જાણવામાં બહુ પુરુષાર્થ માગે છે.

* રાગથી લાભ માનવો એ તો ચૈતન્યપ્રભુનો અનાદર છે. અહિંસાનો ધર્મ કહ્યો છે તે અહિંસા એટલે રાગાદિની ઉત્પત્તિ ન થવી તે વીતરાગી અહિંસા–

ધર્મ છે. પરની દયાનો ભાવ તે રાગ છે, એ રાગથી સ્વની હિંસા થાય છે. આહાહા! આવી વાત પાત્ર વિના કોને બેસે?

* છએ દ્રવ્યની પર્યાય જે સમયે થવાની તે પર્યાયના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર તેના જન્મક્ષણે થાય છે. તેને અન્ય દ્રવ્યની અપેક્ષા જ નથી અને ખરેખર તો એ પર્યાયને પોતાના દ્રવ્યની પણ અપેક્ષા નથી. દરેક દ્રવ્યમાં પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ જન્મક્ષણે ક્રમબદ્ધ પર્યાય થાય છે. આવી સ્વતંત્રતાની વાત જગતને બેસવી કઠણ છે.

* અસ્થિરતાનો દોષ હોય તે જુદી વાત છે, પણ શ્રદ્ધાનો નાનામાં નાનો દોષ–શલ્ય છે તે મહા પાપ છે.

* આહાહા! દેહને આત્મા હલાવી શકે નહિ! એ કોણ માને? જેને ભગવાન બનવું હોય તે માને. જીવ ને અજીવ બે તત્ત્વો જુદા જ છે, ખોરાક ખાવો આદિની ક્રિયા આત્મા કરી શક્તો જ નથી.

* ભગવાન સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકના પર્યાયો પ્રત્યક્ષ જણાય છે. જેમ કેવળજ્ઞાનમાં ત્રણ કાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધ પર્યાયો થાય છે, કેવળજ્ઞાને જાણ્યું માટે નહિ પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી–અવળી કરવાનું રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જતાં થાય છે. આહાહા! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે.

ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગ સ્વરૂપ આત્મા છે તેના આશ્રયથી વીતરાગતા પ્રગટે એ ધર્મ છે. કર્તા, કર્મ, કરણ આદિ છએ કારકો વીતરાગી ગુણ છે. ષટ્કારકથી સ્વતંત્ર પરિણમવું એવો આત્માનો ગુણ છે અને અનંતા ગુણોમાં તેનું રૂપ છે. વીતરાગપણે પરિણમવું એવો એનામાં ગુણ છે, રાગરૂપે થવું એવો એનામાં ગુણ નથી, અકર્તા થવું એ આત્માનો ગુણ છે. રાગનું ન કરવું, રાગને ન ભોગવવું એવા ગુણો આત્મામાં છે. આહાહા! વસ્તુની આવી જ મર્યાદા છે. વસ્તુ એની મર્યાદામાં જ રહે છે.

મર્યાદા બહાર વસ્તુ જતી નથી. બધા આત્મા વીતરાગ સ્વરૂપ છે. રાગ એ તો પુણ્ય–પાપ તત્ત્વમાં જાય છે. આત્મા તો એકલો વીતરાગ જ્ઞાયકસ્વરૂપ છે એને જ્ઞાન પ્રધાનથી કહો તો જ્ઞાનસ્વરૂપ છે, દર્શન પ્રધાનથી કહો તો દર્શનસ્વરૂપ છે, ચારિત્ર પ્રધાનથી કહો તો ચારિત્ર સ્વરૂપ છે, વીર્ય પ્રધાનથી કહો તો વીર્યસ્વરૂપ છે, સ્વચ્છત્ત્વ, વિભુત્વ, પ્રભુત્વ આદિ પ્રધાનથી કહો તો પ્રભુત્વ આદિ સ્વરૂપ જ છે. આહાહા! આત્મા એકલો વીતરાગ સ્વભાવનો દરિયો છે. વીતરાગ કહો કે અકષાય સ્વભાવ કહો. સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય. સર્વજ્ઞસ્વરૂપની દ્રષ્ટિ થઈ એટલે પર્યાયમાં જિન થયો, અમૃતનો સાગર ઊછળ્યો.

* મારે માથે સીમંધર સ્વામી, અખંડ મારી રક્ષા કરે–આહાહા! પ્રભુ તું સીમંધર જ છો. સીમંધર એટલે વસ્તુ મર્યાદાવાળી છે. પ્રભુ તું મર્યાદિત છો, તારી સીમા–તારી મર્યાદા એ છે કે તું રાગમાં ન જાય, રાગને ન કરે, તેથી મર્યાદાનો–સીમાનો ધારક આત્મા પોતે જ સીમંધર છે.

* ભાઈ! તારી ધ્રુવ ચીજમાં એક સમયની પર્યાય પણ પ્રવેશ ન કરે. તો દેહ મારો, રાગ મારો, વાણી મારી, સ્ત્રી–પુત્રાદિ મારા–એ લાવ્યો ક્યાંથી? અરે! રોગ આવશે, વૃદ્ધાવસ્થા આવશે, ઇન્દ્રિયો ઢીલી પડી જશે, આંખ ક્યારે મીંચાશે ને દેહ કઈ ક્ષણે છૂટશે? દેહાદિ ક્યાં તારા છે? એ તો નાશવાન ચીજ છે. ભાઈ! આખી દુનિયાથી આકરી વાત છે. જેને એમ થાય કે મારે મારું હિત કરવું છે, જગતનું થવું હોય તે થાવ! ઘરના બૈરા–છોકરા આદિનું થવું હોય તેમ થાવ! મારે તો મારા આત્માનું સુધારવું છે–એમ એને પોતાને અંદરથી દુઃખથી છૂટવાની ધખશ થાય એનું આ કામ છે. આ અંદરમાં જવાનો માર્ગ તો વીરનો છે, કાયરનું કામ નથી.

* સત્‌સ્વરૂપ એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેનો પરિચય એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે, જેને પુણ્યનો પ્રેમ છે એવા લૌકિકજનોનો પરિચય કરીશ તો તારી પરિણતી પડી જશે. લોકો માન સન્માન આપે એના પરિચયથી તું મરી થઈશ, સ્ત્રી–પુત્રાદિ કે વેપાર આદિના પરિચયથી તને નુકશાન થશે. તું આનંદનો નાથ પ્રભુ છો! તારા નિવાસમાં–તારા પરિચયમાં રહે તો તને આનંદ ને સુખ થશે. જેમ જંગલમાં

સિંહ નિર્ભય થઈને વિચરે છે તેને હરણ આદિનો ભય હોતો નથી, તેમ તું નિર્ભય થઈને તારા સ્વદેશમાં વિચર !

* મુમુક્ષુજીવ શુભરાગમાં જોડાય છે પણ શુદ્ધાત્માની શોધક વૃત્તિ ન જાય. મુમુક્ષુ–જીવને દયા–દાન પૂજા ભક્તિ આદિના શુભ ભાવો આવે ખરા પણ એની વૃત્તિ ને વલણ શુદ્ધાત્મા તરફ રહ્યા કરે છે, શુભભાવમાં તલ્લીનતા ન થાય. જિનસ્વરૂપી ભગવાન આત્માની શોધક વૃત્તિ ન જાય. શુદ્ધાત્માનું ધ્યેય છોડીને શુભરાગનો આગ્રહ કરતો નથી. શુભ–રાગથી લાભ થશે એમ માનતો નથી અને પર્યાયની અશુદ્ધતા પણ ભૂલતો નથી, સ્વછંદ કરતો નથી.

પ્રશ્નઃ– સ્વછંદ એટલે શું ?

ઉત્તરઃ– વિકારી પર્યાય તે મારી નથી એમ માની વિકારનું સેવન કરે, અશુદ્ધતા ગમે તેટલી થાય તેનું સેવન કરે અને જ્ઞાનીનો ભોગ નિર્જરા કહ્યો છે તો અમારે ભોગના ભાવ વિષય-વાસનાના ભાવથી નિર્જરા છે તેમ માને તે સ્વછંદ છે. ગમે તેટલો વિકાર થાય તોપણ મારે શું ? એમ માને તે સ્વછંદ છે. ખરો મુમુક્ષુ એમ સ્વછંદતા સેવતો નથી. પર્યાયમાં વિકાર થાય તે પોતાનો અપરાધ સમજે છે. જ્ઞાનમાં બરાબર જાણે છે. પાપમાં બેદરકાર રહેતો નથી. મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું હોય છે, વૈરાગ્ય હોય છે.

## વૈરાગ્ય સમાચાર

* સરદાર શહેર નિવાસી શ્રી સુમેરૂમલજીના પુત્ર શ્રી ગોપાલના ધર્મપત્નિ ( ઉ. ૪૧ ) તા. ૮–૨–૭૯ ના અકસ્માત હેમરેજ થતાં સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તા નિવાસી શ્રી ભાનુભાઈ મૂળશંકર દેસાઈ તા. ૮–૨–૭૯ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

* રાજકોટ નિવાસી શ્રી શાંતિલાલ તારાચંદ શાહ ( વર્ષ ૭૧ ) તા. ૨૯–૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

* વાંકાનેર નિવાસી, વાંકાનેર દિગંબર જૈન મુમુક્ષુ મંડળના પ્રમુખશ્રી છગનલાલ ભાયચંદ શાહ ( વર્ષ ૮૬ ) તા. ૩૦–૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

* લાઠી નિવાસી શ્રી ધીરજલાલ અમરચંદ ( વર્ષ ૭૪ ) તા. ૩૧–૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

–સ્વર્ગસ્થ આત્માઓને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો જ ભક્તિભાવ હતો. તેઓ વીતરાગ ધર્મનું શરણ પામીને આત્મોન્નત્તિ પામો એ જ શુભ કામના.

## ❁ વિદ્યમાન મહાપ્રભુને તું જાણ ❁


ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં જ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા! ભૂત-ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે-એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાન-સ્વભાવની અચિંત્યતા છે! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હૈયાતી નથી તેને હૈયાત જાણે! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હૈયાત જ છે. તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ!

–પૂજ્ય ગુરુદેવ

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યા છે. હાલમાં સવારે શ્રી સમયસાર, કર્તાકર્મ–અધિકાર ઉપર તથા બપોરે શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મમસ્તીસભર અપૂર્વ પ્રવચનો ચાલી રહ્યા છે.

* શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૩૯મો વાર્ષિક દિન ફાગણ સુદ બીજના હોવાથી, પૂજન, ભક્તિ, સાંજી આદિ વિશેષ ભક્તિ કાર્યક્રમો સહિત મહા વદ ૧૦ થી ફાગણ સુદ બીજ સુધીનો અઠાઈ મહોત્સવ ઉલ્લાસપૂર્વક ઉજવાઈ રહ્યો છે. ફાગણ સુદ ૧૩ના રોજ શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમ મંદિરની પ્રતિષ્ઠાને પાંચ વર્ષ પૂરા થતા હોવાથી પૂજન–વિધાન ભક્તિ આદિ કાર્યક્રમો દ્વારા ઉલ્લાસથી ઉજવવામાં આવશે.

❄ ❄ ❄




૧. હે મૂઢ પ્રાણી! અનેક પ્રકારની અસત્ય કળા ચતુરાઈ શ્રૃંગાર આદિ ખોટી વિદ્યાઓના કૌતૂહલથી પોતાના આત્માને ઠગ નહિ, પણ તારે કરવા યોગ્ય જે કંઈ હિતકર કાર્ય છે તેને કર. જગતની આ સમસ્ત કળાઓનું જ્ઞાન વિનાશીક છે, શું તું આ વાત નથી જાણતો ?

( શ્રી શુભચંદ્રઆચાર્ય, જ્ઞાનાર્ણવ સર્ગ ૨, શ્લોક ૩ )

૨. પોતાના આત્માને નિર્મળ સમ્યગ્દર્શનથી વિભૂષિત કરીને, પ્રાણીઓનું નરકમાં રહેવું પણ ભલું છે. પરંતુ કઠિનતાથી જેનો નાશ થાય છે એવા મિથ્યાત્વરૂપી વિષના સેવનપૂર્વક સ્વર્ગમાં રહેવું પણ ભલું નથી.

( શ્રી અમિતગતિઆચાર્ય–સુભાષિત રત્નસંદોહ, સર્ગ ૭, શ્લોક ૪૧ )

૩. આશારૂપ અલંઘ્ય અગ્નિમાં ધનાદિરૂપ ઇંધનના ભારા નાખીને તે આશારૂપ અગ્નિને પ્રતિ પળે વધારીને તેમાં નિરંતર બળવા છતાં પોતાને શાંત થયો માનવો, એ જ ખરેખર જીવનો અનાદિ વિભ્રમ છે.

( શ્રી ગુણભદ્રઆચાર્ય–આત્માનુશાસન, શ્લોક ૮૫ )

૪. સિદ્ધોની જે ગતિ છે તે જ એક ઉત્તમ ગતિ છે. તેમનું જે સુખ છે તે જ એક ઉત્તમ સુખ છે. તેમનાં જે જ્ઞાન–દર્શન છે તે જ યથાર્થ જ્ઞાન–દર્શન છે. તથા બીજું પણ જે કાંઈ સિદ્ધોનું છે તે બધું મને પ્રિય છે. એના સિવાય બીજું કાંઈ પણ મને પ્રિય નથી. આ રીતે વિચાર કરતાં મેં ભયાનક સંસાર છોડીને અને તે સિદ્ધોના ઉત્કૃષ્ટ સ્વરૂપની પ્રાપ્તિમાં મન જોડીને મારા ચિત્તમાં નિરંતર તે સિદ્ધોને જ દૃઢતાપૂર્વક ધારણ કર્યા છે.

( પદ્મનંદી–પંચવિંશતિ–સિદ્ધસ્તુતિ, શ્લોક ૨૮ )

૫. પ્રેમ સમાન કોઈ બંધન નથી. વિષય સમાન કોઈ વિષ નથી. ક્રોધ સમાન કોઈ શત્રુ નથી. જન્મ સમાન કોઈ દુઃખ નથી. સૌથી મોટું બંધન પ્રેમ છે. સૌથી મોટું વિષ વિષય છે. સૌથી મોટો શત્રુ ક્રોધ છે. સૌથી મોટું દુઃખ જન્મ છે.

( શ્રી વીરનન્દિ–કૃત ચન્દ્રપ્રભ–ચરિત્રમાંથી )

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | | |
|---|---|---|
| ૮૨૦ | શ્રી નટવરલાલ ચુનીલાલ વોરા | મુંબઈ |
| ૮૨૧ | ,, અમૃતલાલ વીરચંદ ગાંધી | પેથાપુર |
| ૮૨૨ | ,, રાજેન્દ્રકુમાર કાંતિલાલ | વડેરા |
| ૮૨૩ | ,, નથુસા બાલચંદશા જૈન | મલકાપુર |
| ૮૨૪ | ,, નેમીચંદસા બાલચંદશા જૈન | ,, |
| ૮૨૫ | ,, કાંતિલાલ હિંમતલાલ શાહ | વીરમગામ |
| ૮૨૬ | ,, પદમાબેન રસીકલાલ શાહ | નંદરબાર |
| ૮૨૭ | ,, કૈલાશચંદ સીતાબચંદ શરાફ | ખંડવા |
| ૮૨૮ | ,, કાંતાબેન હિંમતલાલ ડેલીવાળા | મુંબઈ |
| ૮૨૯ | ,, વિનોદ બી. પટેલ | સીકંદ્રાબાદ |
| ૮૩૦ | ,, દિગંબર જૈન મુમુક્ષુ મંડળ | મુંબઈ |
| ૮૩૧ | ,, ચંપાબેન હિંમતલાલ તલસાણીયા | ,, |
| ૮૩૨ | ,, ગીરીશચંદ્ર વસનજી ગાંધી | ઇન્દોર |
| ૮૩૩ | ,, હીમાંશકુમાર હસમુખરાય શાહ | ધોળકા |
| ૮૩૪ | ,, પિયુષ એમ. શાહ | U. K. |
| ૮૩૫ | ,, શશીલાલ જે. જૈન | નાઈરોબી |
| ૮૩૬ | ,, પ્રતાપરાય પ્રભુદાસ શાહ | રાજકોટ |
| ૮૩૭ | ,, ચંદુલાલ હરીલાલ શાહ | ભાવનગર |
| ૮૩૮ | ,, ડૉ. ઈલાબેન એમ. શાહ | નાઈરોબી |
| ૮૩૯ | ,, શારદાબેન રતીલાલ શાહ | અમદાવાદ |
| ૮૪૦ | ,, શાંતિલાલ મીઠાલાલ પંચોળી | દાહોદ |
| ૮૪૧ | ,, ઝવેરીલાલ હજારીમલ શરાફ | ,, |
| ૮૪૨ | ,, વસંતકુમાર તારાચંદ શાહ | મુંબઈ |
| ૮૪૩ | ,, છોટાલાલ મંગાલાલ ગાંધી | તલોદ |
| ૮૪૪ | ,, જયંતીલાલ છોટાલાલ ગાંધી | રણાસણ |
| ૮૪૫ | ,, મીઠાલાલ તલકચંદ શાહ | ,, |
| ૮૪૬ | ,, રમણલાલ કેશવલાલ ગાંધી | રખીયાલ |
| ૮૪૭ | ,, રતીલાલ પોપટલાલ શાહ | ,, |
| ૮૪૮ | ,, ડૉ. જયંતિલાલ ચુનીલાલ મહેતા | ,, |
| ૮૪૯ | ,, જેકુંવરબેન ખીમચંદ તુરખીયા | બોટાદ |

આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/– (ક્રમશઃ)

License No. 3
'Licensed to post without prepayment'

If not delivered please Return to:
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN : 364 250

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૪૦૦૦
[ વાર્ષિક લવાજમ રૂ. ૬=૦૦ ]